આઝાદીનો લડવૈયો

લેખક : મેકસ બોલિંજર

અનુવાદક : ભગવતપ્રસાદ ચૌહાણ

109
8BGA2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
[illegible] CENTRAL AVE.
[illegible] 19012-2103

આઝાદીનો લડવૈયો

(સ્વાતંત્ર્યવીર)

લેખક : મેકસ બોલિંજર

અનુવાદક : ભગવતપ્રસાદ ચૌહાણ

પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.

કિંમત : રૂા. ૧૨/-

નકલ : ૧૦૦૦

મુદ્રક :
ફોટ્રોનિકસ
ભરવાડા હાઉસ, હાઈકોર્ટ રેલવે ક્રોસિંગ સામે,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

શ્રી સર્વોત્તમ શિરોમણીનું કુટુંબ, જેમાં તેમના દીકરા ચિ. આન્દ્રે પિતાની પાસે દેખાય છે.

શ્રી આન્દ્રે ક્રિશ્ચિયન સર્વોત્તમ શિરોમણી (સીરીનબહેન શિરોમણીના પૌત્ર) ૨૬ ઓક્ટોબર ૧૯૭૫માં જન્મ્યા છે. હાલ તે જ્યોર્જિયા યુનિ.માં ઈન્ટરનેશનલ જર્નાલિઝમનો અભ્યાસ કરે છે. ચિ. આન્દ્રેનો ફોટોગ્રાફી અને કમ્પ્યુટર્સમાં ઊંડો રસ છે. તે કૉલેજ મેગેઝીનમાં લેખો લખે છે. ચિ. આન્દ્રે જીવનમાં ખૂબ આગળ વધે તે જ શુભેચ્છા અને પ્રાર્થના.

મુસાનું જીવન યુગોના યુગો સુધી માણસોને પ્રેરણા આપ્યા કરશે. શાહી મહેલનું સુખસગવડ-ભર્યું અને વૈભવી જીવન ત્યાગીને પોતાના જાતિબંધુઓની આઝાદી અને સુખ માટે, વતન મેળવવા માટે મુસાએ પોતાની આખી જિંદગી પ્રભુની સેવામાં સમર્પિત કરી દીધી હતી. ઈજિપ્તના રાજા ફારૂનની ગુલામગીરીમાંથી છોડાવતાં અને ઇઝરાયલીઓને રણમાં દોરતાં એમણે જે ચમત્કારો કર્યા તેને ટેન કમાન્ડમેન્ટસ Ten Commandments નામની વિશ્વ પ્રસિદ્ધ ફિલ્મે આખી દુનિયામાં જાણીતા બનાવી દીધા છે. ભરવાડમાંથી સ્વાતંત્ર્યસેનાની બનનાર ભડવીર મુસાનું જીવન વર્ષો સુધી વિશ્વભરમાં અનેકને પ્રેરણાદાયી બન્યું છે અને બનતું રહેશે.

પ્રાસ્તાવિક

ગુજરાતના ખ્રિસ્તી બાલસાહિત્યમાં સારાં પુસ્તકોની એક મોટી ખોટ છે. ત્યારે બાઈબલ પર આધારિત બાલસાહિત્યનાં પુસ્તકો જર્મનીની રેવનર્સબર્જર સંસ્થાએ પ્રકાશિત કર્યાં છે, જેમનો યુરોપની મોટા ભાગની ભાષાઓમાં અનુવાદ થયેલો છે. આ સુંદર અને પ્રેરણાદાયી પુસ્તકોને ગુજરાતીમાં એમનાં ચિત્રો સાથે પ્રકાશિત કરવાની પરવાનગી આપણને મળી છે. પુસ્તકોની સંપૂર્ણ રોયલ્ટી આયર્લેન્ડના ફ્રેરિશ મિશન બોર્ડના સેક્રેટરી રેવ. આર. જે. ટી. મેકમલન સાહેબે ચૂકવી છે, માટે તેમનો હૃદયના ઊંડાણથી આભાર માનું છું. અમેરિકાનાં શ્રીમતી સીરીનબહેન શિરોમણીએ તેમના પૌત્ર આન્દ્રે, જે હાલમાં ત્યાંની કૉલેજમાં અભ્યાસ કરે છે, તે આન્દ્રેના નામે આ પુસ્તકના પ્રકાશન માટે રૂા. ૧૦,૦૦૦/- નું દાન આપ્યું છે. આથી સીરીનબહેનનો અંતઃકરણપૂર્વક આભાર માની ગુજરાતનાં બાળકો સમક્ષ આ પુસ્તક રજૂ કરીએ છીએ.

– ભગવતપ્રસાદ ચૌહાણ

૧

"બેટા મુસા, તારા બાપુજી માટે જમવાનું લઈ જા", મુસાનાં માએ કહ્યું. મુસાએ કહ્યું, "હા, મા."

એની માએ જમવાનું તૈયાર કર્યું. નાનકડા મુસાએ જમવાનું ટોપલીમાં મૂક્યું અને તે ઊપડયો. માટી- ચૂનામાંથી બનાવેલી ઝૂંપડીઓ પાસે બાળકો રમતાં હતાં. તેમણે મુસાને જોઈ હાથ હલાવ્યો અને બૂમો પાડી, "મુસા ! મુસા !"

નાનકડા મુસાએ પણ હાથથી જાણે ધજા ફરકાવી. એને આજે રમવાની ઈચ્છા થતી નહોતી. આવતી કાલે એની પાંચમી વર્ષગાંઠ હતી. એની મા એને મિસરની (ઈજિપ્ત) રાજકુંવરી પાસે લઈ જવાનાં છે. પોતાનાં ભાઈ, બહેન અને માબાપને સદાને માટે છોડી દેવાની વાત એને સમજાતી ન હતી. એને છૂપો ડર લાગતો હતો.

મિસરના રાજા ફારૂનના દરબારમાં એને કેવા કેવા અનુભવો થશે? વહાલાસોયાં માબાપ વગર પોતાને કેવી રીતે ગમશે?

"બેટા, રાજકુમારી તારી સારી સંભાળ લેશે." એની માએ એને સમજાવતાં કહ્યું હતું.

એ વિચાર કરતો કરતો ચાલતો હતો, ત્યાં જ ગુલામોના મુકાદમના અવાજે તેની તંદ્રામાં ભંગ પાડયો.

તે ઈંટવાડા પાસે આવી પહોંચ્યો હતો. ઈઝરાયેલી ગુલામો ઈંટવાડામાં ઈંટો પાડવાની અને પકવવાની મજૂરી કરતા હતા. ઈજિપ્તના મુકાદમ પાસે લાંબી ચાબુક હતી. એ ચાબુક વડે તે ઈઝરાયેલી ગુલામો પાસે કામ કરાવતો હતો. ઈંટવાડાની આગળ એક મોટું વેગન-ભારે બોજાની હેરફેર માટેનું ગાડું- પડયું હતું. એ મોટા ગાડામાં પકવેલી ઈંટો મૂકવાનું કામ આ ઇઝરાયેલી વેઠિયાઓ કરતા હતા. બપોરના ભોજન પહેલાં આ કામ પૂરું કરી દેવાનું હતું.

મુસાના પિતા આમ્રામ પણ આ વેઠિયા- મજૂરોમાં હતા. બે ખભા ઉપર રાખેલી ઝૂંસરીમાં એ પણ ભારે ઈંટો ઉપાડીને લઈ જતા હતા. એમનો આખો ચહેરો પરસેવે રેબઝેબ થઈ ગયો હતો. ભારે બોજાથી વાંકા વળી ગયા હોવા છતાં, પોતાના વહાલસોયા દીકરાને જોઈ એમના મોં પર સ્મિત ફરક્યું.

"બેવકૂફો ! બદમાસો ! ઊભા ના રહો ! કામ પૂરું કરો ! ઝડપથી... ઝડપથી... !" ચાબુક વીંઝતા મિસરી મુકાદમના ઉપરાછાપરી સાટકાથી અને હુકમોથી હવા પણ ગાજતી હતી.

'આ માણસ મારા પિતા સાથે આવી જંગલી રીતે કેમ વર્તે છે?' નાનકડો મુસા મનમાં વિચારતો હતો.

ભોજનનો સમય થયો. મુસાના પિતા નાનકડા મુસા સાથે એક દીવાલની છાયામાં જમવા બેઠા. આમ્રામે કાળજીપૂર્વક રોટલાના ટુકડા કર્યા. મુસાની માતાએ થોડું માંસ પણ રાંધીને મોકલાવ્યું હતું. થોડું માખણ ને કાચી ડુંગળી પણ હતાં.

"બેટા, મારી સાથે જમ," મુસાના પિતાએ કહ્યું. "બાપુજી, મને ભૂખ નથી." મુસાએ માથું ધુણાવી ના પાડી.

તરબૂચ તો તાજું જ હતું, છતાં આજે મુસાના બાપુજીને તેમાં મીઠાશ લાગી નહિ.

કારણની આમ્રામને ખબર હતી. એમણે મુસાના વાળમાં હાથ ફેરવતાં કહ્યું, "બેટા, હું આજે રાતે તને એક વાર્તા કહીશ."

"આપણ બાપદાદા તો મિસરમાં મોંઘેરા મહેમાન તરીકે આવ્યા હતા, "મુસાના બાપુજીએ વાર્તા શરૂ કરતાં કહ્યું, "તેઓ કંઈ ગુલામો કે વેઠિયાઓ તરીકે આવ્યા ન હતા. ગોશાનના જે પ્રદેશમાં આજે આપણે વસીએ છીએ, તે તો મિસરના રાજાએ આપણા વડવાઓને ભેટ તરીકે આપ્યો હતો. આ પ્રદેશ તો આપણા વડદાદા યાકૂબના વંશવારસોને ભેટમાં મળ્યો હતો". પછી તેમણે કહ્યું કે, "આપણા પૂર્વજ

યૂસફ ખૂબ હોશિયાર હતા. તે સ્વપ્નદૃષ્ટા હતા. તેથી તેમના સગા ભાઈઓએ યુસફને ઈજિપ્તના (મિસર) વેપારીઓને વેચી દીધા હતા. પછી તો મિસરના રાજા ફારૂનને બે સ્વપ્નો આવ્યાં. મિસરના કોઈ જાદુગર પણ એ સ્વપ્નાંનો અર્થ કહી શક્યો નહિ, ત્યારે આપણા વડવા યૂસફે એ સ્વપ્નોનો અર્થ કહી બતાવ્યો.

સાત સાત વર્ષ સુધી દુકાળ પડયો, પણ આ દેશ દુકાળમાંથી બચી ગયો. પછીનાં વર્ષોમાં તો યાકૂબના કુટુંબમાં ખૂબ મોટો વધારો થયો. તેમાંથી એક આખી પ્રજા બની ગઈ. રાજા ફારૂન આપણને ધિક્કારે છે; કારણ કે, આપણે ખૂબ બળવાન બની ગયા છીએ. રાજાએ આથી જ આપણા ઉપર વેઠનો બોજો નાખ્યો છે. તે આપણને નબળા પાડી દઈને દબાવી દેવા માગે છે. આપણે તો ઘેટાંબકરાં ચારતા ભરવાડો હતા. હવે આપણે ઇજિપ્તવાસીઓના ગુલામો છીએ. આપણે તેમને માટે ઈંટોના ભઠ્ઠાઓમાં અને ખેતરોમાં, નગરોનાં બાંધકામો ઉપર મજૂરી કરીએ છીએ.

રાજાને તો ખરેખર આપણને ખતમ કરી દેવા છે." મુસાના બાપુજીએ કડવાશથી કહ્યું: "પણ રાજાને આપણી જરૂર છે, ગરજ છે."

પોતે જે અદૃશ્ય ઈશ્વરમાં માને છે તે વિશે પણ આમ્રામે પોતાનાં બાળકોને કહ્યું. આમ્રામને પોતાનો ધર્મ ટકાવી રાખી, એ ધર્મના સંસ્કારો બાળકોમાં ઉતારવામાં રસ હતો.

"ઈશ્વરે એક કરાર કર્યો, કરાર એટલે એકબીજા સાથે પરસ્પર સમજૂતી. ઈશ્વરે આપણા પૂર્વજો ઈબ્રાહીમ, ઈસ્હાક અને યાકૂબ સાથે કરાર કર્યો. ઈશ્વર આપણી પડખે રહેશે."

"તો પછી આજે બપોરે ઈશ્વરે તમને મદદ કેમ ના કરી?" મુસાએ ગુસ્સો થઈને કહ્યું. ક્રોધથી એનું શરીર કંપતું હતું. મિસરી મુકાદમે પિતાને મારેલા ચાબુકના સાટકા અને કહેલા તુમાખીભર્યા શબ્દો એને વીંછીના ડંખની જેમ ડંખતા હતા.

આમ્રામે મુસાને પોતાની ગોદમમાં લઈ લીધો. એને સ્નેહથી ચૂમી લેતા કહ્યું, "દીકરા, ઈશ્વરને તેનાં કારણોની ખબર છે."

તે આખી રાત નાનકડા મુસાને ઊંઘ ન આવી.

પાસે જ મોટો ભાઈ હારૂન તો ઘસઘસાટ ઊંઘતો હતો.

પિતાએ કહેલી વાતો મુસાના હૃદયમાંથી નીકળતી જ નહોતી. 'રાજા ફારૂનને તો આપણ બધાંને મારી નાખવાની ઈચ્છા છે' એ શબ્દો વારેવારે તેના મનમાં પડઘાતા હતા... પણ શા માટે? એ પ્રશ્ન તેના નાનકડા હૃદયમાં આમથી તેમ વીંઝાતો હતોઃ ઘડિયાળના લોલકની જેમ.

હજુ એ માની શકતો નહોતો કે એ જ જુલમી રાજાની રાજકુંવરીએ એને બચાવ્યો હતો. જો રાજકુંવરીએ તેને નાઈલ નદીમાંથી બચાવી લીધો ન હોત તો આજે એ જીવતો પણ રહ્યો ન હોત. એ ત્રણ મહિનાનો હતો ત્યારની

એ વાત છે. હવે એ વાતને પાંચ વર્ષ વીતી ગયાં છે. મિસરના રાજા ફારૂને તાજા જન્મેલા બધા ઈઝરાયલી નરબાળકોને (છોકરાઓને) નાઈલ નદીમાં ફેંકી દેવાનો એના સૈનિકોને હુકમ કર્યો હતો. હાથમાં તલવારો લઈને તે બધાં ઈઝરાયેલી- હિબ્રૂ- ઘરોને ખૂંદી વળતા અને તરતના જન્મેલ નરબાળકોને-છોકરાઓને- તલવારની ધારે ઊંચકી જતા અને નિર્દયતાથી નદીમાં ફેંકી દેતા. સંતાઈ જવાની કોઈ જગ્યા બચી નહોતી.

આવા કપરા સંજોગોમાં મુસાની બહાદુર માએ એને ત્રણ મહિના સુધી છુપાવી રાખ્યો હતો. પછી નેતરનો કરંડિયો બનાવ્યો હતો. કરંડિયાને ચીકણી રાળ અને ડામરથી લીંપ્યો હતો. મુસાને કરંડિયામાં મૂકી, તેણે પોતાનાં ત્રણે બાળકોમાં સૌથી મોટી મરિયમને નાઈલ નદીને કિનારે મોકલી. મરિયમે કરંડિયાને નદી કિનારે બરુઓમાં મૂકી દીધો, અને પોતે થોડે દૂર ઝાડીમાં સંતાઈ ગઈ.

મિસરની રાજકુંવરી પોતાની દાસીઓ સાથે નાઈલ નદીમાં સ્નાન કરવા આવી. બરોબર તે જ સમયે બાળમુસા રડવા લાગ્યો. બાળકનું રૂદન સાંભળી રાજકુંવરીએ તપાસ કરાવડાવી તો પેલો કરંડિયો દેખાયો. રાજકુંવરીએ કરંડિયો નદીમાંથી બહાર કઢાવ્યો.

"અરે ! અરે ! જુઓ તો ખરાં !" રાજકુંવરીએ નાનકડા મુસાને ઊંચકી લેતાં કહ્યું. 'કેટલું રૂપાળું બાળક છે! એના નાનકડા હાથપગ ને ટચુકડી આંગળીઓને તો જુઓ!

કેટલાં મોહક છે! જરૂર આ કોઈ ઈઝરાયલી બાળક હોવું જોઈએ. જો હું એને રાખી લઉં તો મારા બાપુજી એને મારી નંખાવશે નહિ!"

"પણ બાળક ખૂબ નાનું છે!" એક દાસીએ કહ્યું, "આવા નાના શિશુને તો માનું દૂધ જોઈએ. માનું દૂધ એને ક્યાંથી આપીશું?"

ઝાડીમાં છુપાયેલી મરિયમ આ બધું સાંભળતી હતી. તે તરત જ રાજકુંવરી પાસે દોડી ગઈ. તેણે કહ્યું, "કુંવરીબા, હું એક ઈઝરાયલી સ્રીને ઓળખું છું તેનું નામ યોખેબેદ છે. પતિનું નામ આમ્રામ છે. તે ઈઝરાયલી સ્રી આ બાળકને ધવડાવશે અને મોટો કરશે. શું હું તે સ્રીને બોલાવી લાવું?"

રાજકુંવરીને કશી શંકા પડી નહિ. એણે આમ અજાણતાં જ મુસાને ફરીથી એની માને સોંપ્યો.

તેણે મુસાને સોંપતાં પેલી ઈઝરાયલી સ્રીને કહ્યું, "આ છોકરો પાંચ વર્ષનો થશે, ત્યારે હું તેને મારી સાથે રાજમહેલમાં લઈ જઈશ અને મારા પોતાના દીકરાની જેમ ઉછેરીશ. મેં તેને બચાવ્યો છે. મેં તેને પાણીમાંથી બહાર કાઢયો છે. હું તેનું એવું નામ પાડીશ કે, એ નામ મને હંમેશા એ પ્રસંગની યાદ અપાવે. તેથી હું તેનું નામ **મુસા** પાડું છું."

યોખેબેદે પોતાનાં સૌથી સુંદર વસ્રો પહેર્યા હતાં. મુસાને સારી રીતે નવડાવી, તેના વાળ સરસ રીતે ઓળ્યા હતા.

એની બહેન મરિયમે મુસા માટે સીવેલી ચડ્ડી એણે પહેરી હતી. ગળામાં સૂર્યની નિશાનીવાળી સોનાની ચેઈન હતી. એ રાજવી ચેઈન તો મિસરની રાજકુમારીએ આપેલી ભેટ હતી.

હારૂન અને મરિયમ ઝૂંપડીના દ્વાર પાસે ઊભાં હતાં. આંખમાં આંસુ સાથે તેમણે પોતાના ભાઈને વિદાય આપી. મરિયમ તો ખૂબ ઉદાસ હતી. 'શું એ પોતાના નાના ભાઈને ફરીથી જોઈ શકશે? મળી શકશે?' આ પાંચ વર્ષ સુધી તેણે જ પોતાના ભાઈને સાચવ્યો હતો. લાડ લડાવ્યાં હતાં.

તેમની માતા તો નીકળવા માટે આતુર હતી. તે હલેસાંથી ચાલતી હોડીમાં બેઠી. હોડી વિશાળ નાઈલ નદીમાં આગળ વધી. મુસાએ જોયું તો નદીનાં સ્વચ્છ પાણીમાં એના ચહેરાનું પ્રતિબિંબ દેખાતું હતું. એણે હસવાનો પ્રયત્ન કર્યો. પોતાની જાતને કહ્યું "હું કશાથી ડરતો નથી અને ડરવાનો પણ નથી."

દૂરથી રાજાનો ઝગારા મારતો મહેલ દેખાયો. સફેદ આરસપહાણમાંથી બનેલા મહેલનાં પગથિયાં ઠેઠ નદીનાં પાણીને સ્પર્શતાં હતાં. યોખેબેદે નાનકડી હોડીને ત્યાં જ થોભાવી ને એક પથ્થર સાથે બાંધી.

આ ઈઝરાયલી સ્ત્રીને મહેલનાં પગથિયાં ચઢતી જોઈ મહેલના રક્ષકો દોડી આવ્યાં. "અહીંથી જતી રહે... નહીંતર...!" એમણે કરડા અવાજે હુકમ કર્યો. ખુલ્લી તલવારે એક રક્ષક આ ઈઝરાયલી સ્ત્રી સામે ધસી આવ્યો.

મુસાની માએ મુસાના ગળામાં લટકતી સૂર્યની નિશાનીવાળી રાજવી ચેઈન બતાવી.

પેલો રક્ષક તરત જ પાછો હઠી ગયો. એણે યોખેબેદ અને મુસાને જવા માટે મહેલનો દરવાજો ઉઘાડયો. મુસા ને એની મા અંદર પ્રવેશ્યો.

મહેલની બહાર રમણીય અને વિશાળ બગીચા હતા. ઠેરઠેર મઘમઘતાં ફૂલો ખીલ્યાં હતાં. આખો મહેલ જાણે સુગંધથી મઘમઘતો હતો. નારંગીનાં વૃક્ષો પર નારંગીઓ બેઠી હતી, ને લીંબુડીઓ પર મોટાં લીંબુ લટકતાં હતા. પાસે જ એક મોરે કળા કરી હતી. મોરની કળાને જોઈ નાનકડો મુસા તો ખુશખુશ થઈ ગયો.

બંને આગળ વધ્યાં. મુસાએ એની માનો હાથ જોરથી પકડયો હતો. છેવટે તેઓ રાજકુંવરી સામે જઈ ઊભાં રહ્યાં.

મુસાની માએ લળીને રાજકુંમારીને નમન કર્યું. રાજકુમારીએ સ્મિત કર્યું.

મુસા તો રાજકુંવરીને પહેલાં તો ઓળખી જ ના શક્યો. એ પોતાને મળવા આવતી ત્યારે તો સાદો સફેદ પોશાક પહરીને જ આવતી. આજે તો એણે ભભકાદાર રાજપોશાક પહેર્યો હતો. એની આંખોની પાંપણો ને ભવાં રંગેલાં હતાં. હાથે અને આંગળીઓ પર સુવર્ણમાળાઓ હતી. એણે બાંધેલા ચોટલા ઉપર હીરાજડિત નંગો હતાં. સૃષ્ટિનો વૈભવ જાણે અહીં જ ઠલવાયો હતો.

રાજકુંવરીએ તરત જ મુસાને ગોદમાં લઈ લીધો. રાજકુંવરીના શરીરમાંથી જાણે ખુશ્બૂ વહેતી હતી.

"મુસા, મેં તેને પાણીમાંથી બહાર કાઢી આણ્યો હતો," કહી તેણે સ્મિત કરી મુસાને ચુંબન કર્યું. "શું હું તને ગમું છું? શું તને મારી સાથે આ મહેલમાં રહેવાનું ગમશે?"

મુસાએ કશો જવાબ ન આપ્યો. એનું ચાલ્યું હોત તો માની સાડીના પાલવ પાછળ એ છુપાઈ ગયો હોત!

"મુસાને થોડો સમયમાં મહેલમાં ગમી જશે," રાજકુંવરીએ જાણે આશ્વાસન આપતાં કહ્યું. મુસાની મા તો જાણે પથ્થર સાથે જડાઈ ગઈ હતી. પથ્થરની મૂર્તિ બની ગઈ હતી.

"હવે તું... તમે જઈ શકો છો", રાજકુંમારીએ મૈત્રીભાવે કહ્યું. "તમે તમારી ફરજ પૂરી કરી છે."

રાજકુંમારીએ પોતાની આંગળીએથી સોનાની એક વીંટી કાઢી. મુસાની સામે આપતાં કહ્યું, "આનાથી તમને તમે ઉછેરેલા દીકરાની-છોકરાની યાદ તાજી રહેશે."

કુંવરીબા, આ... આભાર આપનો." ... આંખમાં આંસુ સાથે યોખેબેદે કહ્યું.

ભારે હૈયે મુસાની માએ પાછા ફરી જવા માટે પગલાં ઉપાડયાં. એના પગ જાણે બેડીથી ભારે થઈ ગયા હતા. એની આંખોમાં આંસુનાં પૂર ઊમટતાં રહ્યાં.

જતી માતાને મુસા તાકીને જોઈ રહ્યો. એની આંખોમાં પણ આંસુનાં મોતી ચમકતાં હતાં. એને માની સાથે ઘેર પાછા ફરવાની તીવ્ર ઇચ્છા થઈ આવી... પણ રાજકુંવરીએ તેનો હાથ પકડી લીધો. તેણે મુસાને કહ્યું, "ચાલ બેટા, હું તને મહેલ બતાવું. તારાં રમકડાં બતાવું, તારો સજાવેલો શયનખંડ બતાવું. હવેથી તારે ત્યાં સુવાનું છે."

૨

"છોકરો ખૂબ તેજસ્વી અને શીખવા માટે ઉત્સાહી છે," મુસાના શિક્ષકોએ રાજકુંમારીને કહ્યું. "તે મજબૂત મનનો, દઢાગ્રહી અને ન્યાયની સમતુલા સાચવવા ઉત્સુક છે. ઉપરાંત, થોડોક ગુસ્સાવાળો પણ છે!"

આ શિક્ષકો તે સૂર્યદેવતાના એટલે આતૂનદેવના પૂજારીઓ હતા. તેઓ લાંબા ને ખૂલતા સફેદ ઝભ્ભા પહેરતા અને માથાં ચકચકાટ એટલે કે બોડાં રાખતાં. આ ધર્મગુરુઓ માયાળુ અને શાણા હતા.

મુસા તેમનું માન સાચવતો. તેમણે તેને આંકડાઓનું જ્ઞાન આપ્યું. આંકડાઓનું અર્થઘટન કરતાં પણ શીખવ્યું. તેમણે તેને વાંચતાં અને લખતાં શીખવ્યું. તેમણે તેને સ્થાપત્યવિદ્યા અને વૈદકશાસ્ત્રનું જ્ઞાન પણ આપ્યું. સંગીત અને નૃત્યકલામાં પણ પારંગત બનાવ્યો.

"મુસા, તું એક મહાન સેનાપતિ બનીશ," એક વૃદ્ધ લશ્કરી અફસરે મુસા વિશે ભવિષ્ય ભાખ્યું. તે અફસરે



મુસાને શસ્ત્રો અને અશ્વોની મદદથી દુશ્મનોને કેમ પરાજિત કરવા તે પણ શીખવ્યું.

પોતાનો નાનો રથ લઈને મુસા મહેલના બધા બાગબગીચાઓને ખૂંદી વળતો.

"જો ! સંભાળ ! ધ્યાન રાખ !" મુસાનો રથ એક વળાંક ઉપર એક પૈડે દોડતો હતો ત્યારે અફસરે મોટેથી ચેતવણી આપી.

મુસા હસ્યો. "ગુરુજી, મારી જરાપણ ચિંતા કરશો નહિ !" તેનામાં ડરનું કે ભયનું નામોનિશાન નહોતું.

રાજકુમારી બારીમાંથી આ બધું નિહાળતી હતી. પોતે દત્તક લીધેલા દીકરા ઉપર એને ગર્વ થતો હતો.

મુસાની બહાદુરી અને તેનું શાણપણ જોઈને તેના સમયવયસ્કોને પણ આશ્ચર્ય થતું. તે ગેડીદડો રમતો, તરતો અને બધાની સાથે દોડવાની હરીફાઈમાં પણ ઊતરતો. એના મિત્રો તો રાજકુમારો અને પ્રધાનોના પુત્રો હતા. મહેલમાં શાહી અધિકારીઓ પણ તેની તહેનાતમાં આવતા જતા.

ગણી ન શકાય તેટલા બધા તો ચાકરો હતા. મુસા માત્ર તાળી વગાડતો અને ચાકરો દોડી આવતા. બે મજબૂત અંગરક્ષકો પણ તેની સાથે જ રહેતા.

"જે કોઈ રાજકુમાર મુસાને કશી ઈજા થવા દેશે તેને પોતાના જાનથી હાથ ધોઈ નાખવા પડશે !" રાજકુમારી બધાને આમ કહેતી.

હવે મહેલમાં આવ્યાંને ઘણાં વર્ષો વીતી ગયાં હતાં. મુસા પોતાનું બાળપણ લગભગ વીસરી ગયો હતો.

પણ ક્યારેક એને સ્વપ્નાં આવતાં. નીચા છાપરાવાળા એક ગરીબ ઘરમાં તે જમીન પર બેઠો છે. રસોડામાં લાકડાંનો ચૂલો સળગે છે. જવાળાઓ જાણે કે સફેદ દીવાલો પર નૃત્ય કરે છે. લાકડાની અભરાઈ પર મૂકેલાં વાસણોને તે ગણી રહ્યો છે.

"મા ! મા !" અને તે જાગી જાય છે. જુએ છે તો એના ઉપર ઢળનાર અને એના કપાળ ઉપર પ્રેમથી હાથ ફેરવનાર કોઈ નથી.

એની મા કોણ હતી? આ રાજકુમારી કે પેલી સ્ત્રી જેના ઝાંખા ઝાંખા ચહેરાની પોતાને ક્યારેક તીવ્રતાથી યાદ આવી જાય છે.

ફૂલછોડો ઉપરનાં ફૂલોમાંથી આવતી સુવાસ ખુલ્લી બારીઓમાં થઈને છેક એના રૂમ સુધી આવતી. વિશાળ ને શાંત નાઈલ નદી ઉપર પ્રકાશતો ચંદ્ર એને દેખાતો. મહેલની દીવાલો પાસે ચોકી ભરતા રક્ષકોના ભારે બૂટના અવાજો સંભળાતા.

ધીમે ધીમે મુસા ઊઠયો. એ પોતાના કબાટ તરફ ગયો. પોતે શોધી કાઢેલી, હાથથી વણેલી એક ચડ્ડી ત્યાં પડેલી હતી. એણે ચડ્ડી હાથમાં લીધી. એ જરૂર કોઈ નાના છોકરાની હતી.

બાળક તરીકે એ કેવો દેખાતો હશે? એ ક્યાંથી આવ્યો હતો?

મુસાએ યાદ કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ એનું હૃદય તો ઢંકાઈ ગયેલા દર્પણ જેવું હતું. તેમાં કશું દેખાતું નહોતું.

મુસા રાજા ફારૂનની સામે બીજા રાજકુમારો અને જુવાન અધિકારીઓ સાથે ઊભો હતો.

મહારાજા ફારૂને શાહી પોશાક પરિધાન કર્યો હતો. માથા પર બનાવટી વાળની વીગ હતી. ગળામાં મૂલ્યવાન આભૂષણો હતા, કમરે સોનાનો પટો હતો.

રાજાની આગળ ગુરુઓના અને સેનાધિપતિઓના અહેવાલો હતા. તેમાં મુસા વિશેનો રિપોર્ટ સર્વોત્તમ હતો.

"હવે તમે શું અને કેવું શીખ્યા છો, તેનો પુરાવો તમારે આપવો પડશે," રાજા ફારૂને કહ્યું. "પાસેના એક ન્યૂબિયન સરદારે આપણા મિસર દેશ પર હુમલો કર્યો છે. આપણી સરહદે તેનું સૈન્ય આવી ગયું છે. તમારે દુશ્મન સેનાને પાછી હઠાવી દેવાની છે, હરાવવાની છે."

બધા જુવાનોને એક અનુભવી સરદારનાં શસ્ત્રો મળ્યાં. ઢાલ, તીરકામઠાં અને તીર, એક બરછી અને એક તલવાર.

રાજા ફારૂનને હવે આ જુવાનનોની બહાદુરી અને દિલેરી પર આધાર રાખવાના હતા.

ઈજિપ્તનું (મિસરનું) લશ્કર દુશ્મન દળ ઉપર લડાઈમાં વિજય મેળવીને પાછું ફર્યું.

એક વિશાળ ને સુસજ્જ શાહી વહાણમાં રાજા ફારૂને વિજેતા અફસરો માટે એક શાનદાર મિજબાની ગોઠવી. મેજો ફૂલો અને ફળોથી સુશોભિત કરવામાં આવી હતી. માછલીઓની ભાતભાતની વાનગીઓ, માંસની જાત જાતનાં વાનગીઓ, પનીર અને ફળફળાદિ સાથે સુવર્ણ થાળીઓ ફરતી હતી. સાકીઓ ભાતભાતના શરાબો લઈને ઘૂમતા હતા. શાહી રસોઈયાઓએ ખૂબસૂરત પરોઠા ને રોટી બનાવ્યાં હતાં. જાતજાતની સ્વાદિષ્ઠ મીઠાઈઓ હતી. જોતાં જ ધરાઈ જવાય એવો ભોજનથાળ બનાવ્યો હતો.

સંગીતકારો, પુરુષ અને સ્ત્રી નૃત્યકારો, અંગકસરતના ખેલાડીઓ અને વિદૂષકો મહેમાનોના મનોરંજન માટે જુદાં જુદાં વહાણો પર હાજર હતાં.

રાજા ફારૂન રેશમી તકિયાઓ પર બિરાજમાન હતા. મોરના પીંછામાંથી બનાવેલા પંખાથી સેવકો રાજાને પંખો નાખતા હતા. લોકોનાં ટોળેટોળાં નદીકિનારે ઊભાં હતાં અને વિજયનો ઉત્સવ માણતાં હતાં. એમને માટે ફારૂન તો દેવ હતા, સૂર્યદેવના પુત્ર હતા.

મહેમાનો જમતા હતા, શરાબ પીતા હતા અને આનંદમાં ડૂબેલા હતા. એકમાત્ર મુસા ઊંડા વિચારોમાં ડૂબેલો હતો. રણક્ષેત્રમાં જે કંઈ તેણે નિહાળ્યું હતું અને અનુભવ્યું હતું તે તેને ત્રાસ આપતું હતું ને એ અનુભવોએ તેની શાંતિને હણી લીધી હતી. મહેલની શાહી દીવાલો મધ્યેની દુનિયા કરતાં એ તદન જુદી જ દુનિયા હતી. ત્યાં તો ભિખારીઓ

હતાં, અપંગો હતાં અને શહેરની શેરીઓમાં ભીખ માંગતા રક્તપિત્તિયાં હતાં. હજારો ઈઝરાયલીઓ ખેતરોમાં, ઈંટો પાડવાના ભઠ્ઠાઓમાં અને મકાનો તથા નગરો બાંધવામાં કાળી મજૂરી કરતા હતા. ઈજિપ્તના મુકાદમો ખૂબ ક્રૂરતાથી અને જાણે ઇઝરાયલીઓ તે માણસો ન હોય પણ પશુઓ હોય તેમ તેમની પાસે વેઠ કરાવતા હતા.

શું આ બધું તેણે અગાઉ પણ ત્યાં ઊભા રહીને જોયું નહોતું?

હવે તો મહેલ છોડવા માટે જુવાન મુસા રાજા ફારૂનની પરવાનગી પણ લેતો ન હતો કોઈ પણ અંગરક્ષક સાથે રાખ્યા વિના તે એકલો જ નીકળી પડતો.

શેરીઓમાં તે વેપારીઓ અને કારીગરો સાથે વાત કરતો. તે ઈઝરાયલી ગુલામોને વેઠ કરતાં નિહાળતો. તે ભઠ્ઠાઓની અને મકાનબાંધકામયોજનાઓની મુલાકાત લેતો. તે કલાકો સુધી ખેતરોમાં ફર્યા કરતો. એક દિવસ તેન એક ઈઝરાયલી માતાનો ભેટો થઈ ગયો.

તે પોતાના ઘરના આંગણામાં બેઠી હતી. તેના હાથમાં બાળક હતું. અચાનક તે એક ગીત ગાવા લાગી. ગીત તો એક હાલરડું હતું.

મુસા ભારે આશ્ચર્યમાં પડી ગયો. એ આખું હાલરડું તેને આવડતું હતું! હાલરડાના બધા જ શબ્દો જાણે વળી વળીને તેના હૃદયમાંથી ફૂટી નીકળતા હતા. આ બધું ક્યાંથી આવતું હશે?

અચાનક જાણે હૃદયની અંદર રહેલ ઝાંખું દર્પણ ચોખ્ખું થઈ ગયું. એ દર્પણમાં તેણે પોતાનું બાળપણ નિહાળ્યું. તેને પેલી માટી ને ગારામાંથી બનેલી ઝૂંપડી યાદ આવી, ભાઈ હારૂન ને બહેન મરિયમ યાદ આવ્યાં. ને પોતાની મા યોખેબેદ અને પિતા આમ્રામ યાદ આવ્યાં.

જેની એની થોડી શંકા પડી હતી તે તો સત્ય હતું.

તે ઈજિપ્તનો કોઈ રાજકુંવર નહોતો.

તે તો આ ઈઝ્રાયલી લોકોમાંનો જ એક હતો, એક ગુલામ હતો, એક ઇઝ્રાયલી હતો!

હવે તે તેમની મદદે જવાનો પ્રયત્ન કરવા લાગ્યો. શા માટે મિસરના માણસો ઇઝ્રાયલીઓ સાથે ભારે ક્રૂરતાથી વર્તતા હતા? સતત તેમનું અપમાન કરતા હતા? સતત તેમના પર ભારે જુલમ ગુજારતા હતા?

શું એણે રાજા સાથે આ અંગે વાત કરવી જોઈએ?

સાંજ પડી હતી. મુસા મહેલ તરફ પાછો ફરતો હતો. એણે ખેતરોમાં, શેરીઓમાં, ઈંટો પાડવાના ભઠ્ઠાઓમાં અને નવાં નગરોની મકાનબાંધકામયોજનાઓમાં જે જે જોયું હતું એથી એના મનમાં ભારે રોષ વ્યાપ્યો હતો.

અચાનક એણે એક ચીસ સાંભળી! "બદમાશ, આળસુ થવાનું ને બબડવાનું શું પરિણામ આવે છે તે હું તને શિખાડું છું!" એવા શબ્દો ઈજિપ્તના એક મુકાદમના

હતા. મિસરી મુકાદમ એક ઇઝરાયલી ગુલામને લાકડીએ લાકડીએ ક્રૂરતાથી ફટકારતો હતો.

"એક નિરાધાર માણસને મારવાનું શું પરિણામ આવે છે તે હું તને શિખાડું!" એમ કહી મુસા ત્યાં ધસી ગયો એનો ચહેરો લાલચોળ થઈ ગયો હતો.

ઈજિપ્તવાસી મુકાદમ એના તરફ ફર્યો.

"કોણ છે તું?" તેણે કરડાકીથી કહ્યું, "ભલો થઈને તારે રસ્તે પડ!"

બળવાન મુસાએ મુકાદમ પાછળ છલાંગ લગાવી. એણે બે હાથ વડે પેલાની ડોક દબાવી દીધી.

"મને છોડો!" મુકાદમથી રાડ પડાઈ ગઈ. પોતે શું કરતો હતો તેનું મુસાને ભાન નહોતું.

અચાનક મુકાદમના પગ લથડયા. તે ધબ્બ દઈને જમીન પર પડી ગયો. મુસા ભય અન ત્રાસ પામી ઢળેલા માણસની આંખો સામે જોઈ રહ્યો.

મુકાદમ મૃત્યુ પામ્યો હતો.

ઈઝરાયલી જુવાન ત્યાંથી નાઠો. એક ઈજિપ્તવાસી અમીરે તેનો બચાવ કર્યો હતો. શા માટે તેણે તેમ કર્યું તે એને સમજાતું નહોતું.

રાત્રિના ઠંડા પવને મુસાના તપેલા કપાળને શાંતિ આપી. તમારાં બોલતાં હતા . પાસેના શહેરમાં દીવા સળગતા હતા.

મુસાએ મૃત મુકાદમને ઝડપથી રેતીમાં દાટી દીધો. રાત્રિના અંધારામાં તે મહેલમાં પાછો ફર્યો.

જે બન્યું હતું તેણે મુસાની ઊંઘ ઉડાડી દીધી. ઊંઘ જાણે જોજન દૂર ક્યાંય ચાલી ગઈ હતી.

તેની આંખો સામે પેલા મૃત્યુ પામતા મુકાદમની ઝાંખી થતી જતી આંખો દેખાતી હતી, તેમાં તેનો છેલ્લો ઉચ્છવાસ સંભળાતો હતો.

તે પથારીમાંથી ઊભો થયો, અને તેણે દીવો પેટાવ્યો. પાંજરામાં પુરાયેલા સિંહ કે વાઘની જેમ તે પોતાના ખંડમાં આમથી તેમ આંટા મારતો રહ્યો.

પરોઢિયે તે મહેલમાંથી બહાર નીકળી પડયો.

ચોકીદારો આશ્ચર્ય પામીને તેની પૂંઠ સામે તાકી રહ્યા.

"રાજકુમાર આટલા વહેલા ક્યાં જતા હશે?"

"હું રાજાને ખબર આપું," ચોકીદારોના કેપ્ટને કહ્યું.

ઊગતા સૂર્યનો પ્રકાશ નાઈલ નદીનાં સ્વચ્છ પાણીમા પ્રતિબિંબિત થતો હતો.

માછીમારો પોતાની જાળો નદીમાં નાખતા હતા.

મુસાએ તેમને જોયા પણ નહિ. તેનાં પગલાંમાં તેની નિરાશાના પડઘા પડતા હતા. જે કંઈ થઈ ગયું છે તે ન થયું થઈ શકતું નથી.

સાંજ સુધી તે ફરતો રહ્યો. સાંજે તેણે બે ઈઝરાયલીઓને લડતા જોયા. કોણ ઓછું કામ કરે તે અંગે તેઓ અંદર અંદર લડતા હતા.

"તું કેમ તારા સાથીદારને મારે છે?" મુસાએ જે બીજો ઈઝરાયલી પોતાનો વાંક છતાં, પોતાના સાથીદારને મારતો હતો તેને પૂછ્યું. મારનારાએ મુસાને ઓળખી કાઢયો. તેણે તિરસ્કારપૂર્વક હાસ્ય કરતાં કહ્યું, "કોણે તને અમારા ઉપર ન્યાયાધીશ તરીકે નીમ્યો છે? પેલા મિસરવાસી મુકાદમને મારી નાખ્યો તેમ શું તું મને મારી નાખવા માંગે છે કે શું?"

"મુસા કેવી રીતે એક મિસરવાસી મુકાદમને મારી નાખવાની હિંમત કરી શકે?" મહેલમાં રાજા ફારૂન ખૂબ ક્રોધે ભરાયા હતા.

જુવાન ઈઝરાયલી ગુલામે ડરના માર્યા મુસાએ કરેલી હત્યાની વાત બીજાંને કહી દીધી હતી. વાત ફારૂન સુધી પહોંચી હતી.

રાજકુમારી પોતાના પિતાને શાંત પાડવાની કોશિશ કરતી હતી.

"એણે ખૂન કર્યું છે એનો પુરાવો ક્યાં છે? આપણે મુસાને દોષિત ઠરાવીએ તે પહેલાં તેને પૂછવું જોઈએ," રાજકુમારી મુસાને બચાવી લેવા માંગતી હતી.

"ના," રાજાએ કરડાકીથી કહ્યું, "મારે ફરીથી તેનું મોં પણ જોવું નથી. મુસા તો ભયજનક બની ગયો છે.!"

રાજાએ હુકમ કર્યો કે, "મુસાને આવતાંની સાથે જ કેદમાં પૂરી દો!"

જો રાજકુમારીને મુસાને બચાવી લેવો હોય તો તેણે જરાપણ સમય બગાડવો ન જોઈએ. તેણે આ સંદેશા સાથે એક દાસીને મુસા પાંસે તાબડતોબ દોડાવી, "નાસી જા! રાજા ફરૂન તારો જીવ લેવા માંગે છે!"

મુસા આ ચેતવણીનો અર્થ તરત જ સમજી ગયો.

તેણે બધું જ ત્યાં મૂકી દીધું. આભૂષણો, રાજકુમારનાં કીંમતી વસ્ત્રો અને શસ્ત્રો.

એક છૂપા માર્ગે થઈને તે રાજમહેલમાંથી નાસી છૂટયો.

'શું તે ફરીથી કદીપણ આ મહેલમાં પગ મૂકી શકશે ખરો?'

૩

મુસા છેક સિનાઈના પર્વતીય પ્રદેશોમાં જઈ પહોંચ્યો. મિદ્યાન દેશમાં આવેલ આ પ્રદેશમાંના પોતાના અજાણ્યા સાથીદારો વચ્ચે તેને સલામતી લાગી.

આ લાંબી મુસાફરી દરમ્યાન તેના માથાના વાળ અને દાઢી વધ્યાં હતા. સૂર્ય, વરસાદ અને પવનથી એની ચામડી તામ્રવર્ણી બની હતી.

મુસા ભરવાડોની એક ટોળીમાં જોડાઈ ગયો. ઘેટાં-બકરાંના ટોળાંની સાથે પોતાના કાળા તંબૂઓ લઈને, તેઓ ઘાસચારાના એક મેદાનમાંથી બીજા મેદાનમાં ફરતા હતા.

પહાડોની ખીણોમાં આવેલો આ પ્રદેશ ખૂબ સૂકો ને વેરાન હતો.

મુસા ઘેટાંના વાળ કેમ કાપવા તે અને જંગલી પશુઓના હુમલામાંથી ટોળાંને કેમ બચાવવાં અને પોતાનું રક્ષણ કેમ કરવું તે શીખ્યો.

ભરવાડોએ એવું કંઈ એને પૂછ્યું નહિ કે, "તું ક્યાંથી આવ્યો છે? તું ક્યાં જવાનો છે?" તેઓ તો દૂધ, પનીર, અંજીર અને ખજૂરનો પોતાનો સાદો ખોરાક તેની સાથે વહેંચીને ખાતા.

મુસા ઓસડ કે દવા તરીકે કામ આપે તેવા છોડવાઓને ઓળખતો. એની મદદથી તે માંદાં માણસોને અને પશુઓને સાજાં કરતો. આમ, તેણે ભરવાડોનો વિશ્વાસ જીતી લીધો.

સિનાઈ પર્વતની પાછળ સૂર્ય આથમ્યો. દૂરના રણદીપમાં આવેલાં ખજૂરીનાં અને નારંગીનાં વૃક્ષોમાં થઈને ઝાંખો પ્રકાશ ઝબૂકવા લાગ્યો.

કદાચ ત્યાં રણદ્વીપમાં સાંજે કોઈ મિજલસ કે પાર્ટી હશે, જેમાં મોડે સુધી ખાણીપીણી અને નૃત્યગાન ચાલશે.

આવા વિચારોથી પણ જુવાન ભરવાડોમાં ઉત્સાહ આવી જતો.

કૂવા પાસે કેટલીક યુવતીઓ પાણી ભરવા માટે આવી હતી. તેઓ મિદ્યાનના પુરોહિત યિથ્રોની દીકરીઓ હતી. પોતાનાં ઘેટાં-બકરાંને પાણી પિવડાવવા માટે કૂવામાંથી પાણી લઈ જવા તેઓ આવી હતી.

"બળિયો તે પહેલો!" "અમારા રસ્તામાંથી દૂર હઠો!" ભરવાડોના આગેવાને બૂમ પાડીને કહ્યું, ને તેણે હસતાં હસતાં પેલી યુવતીઓમાંથી એકને પાછળ ધકેલી. યુવતીનો માટીનો ઘડો ધબાક લઈને નીચે પડયો ને ફૂટી ગયો.

યુવતીઓ પોતાનાં ઘેટાંને લઈને ઝડપથી બાજુ પર ખસી ગઈ. તેમને આ જુવાન ભરવાડોનો ડર લાગતો હતો.

"ઊભાં રહો! હું તમને મદદ કરીશ! તમે આ ભરવાડો કરતાં પહેલાં આવ્યાં છો!" કહી મુસા તે યુવતીઓને કૂવા પાસે લઈ આવ્યો.

"મિસરવાસી, તું શું કરી રહ્યો છે તેનું તને ભાન છે? " ભરવાડોએ ગુસ્સે થઈને કહ્યું. "શું તને અમારા રીતરિવાજોની ખબર નથી?"

"મને ખબર છે" મુસાએ શાંતિથી જવાબ આપ્યો.

તેણે પેલા જુવાન ભરવાડે ઊંચા કરેલા હાથ ઉપર પોતાનો મજબૂત હાથ મૂકયો અને તેની આંખ સામે ધારદાર રીતે જોયું.

"તું... તને ઠીક લાગે તેમ કર." જુવાન ભરવાડ આવું બબડીને નીચે બેસી ગયો.

મુસાએ યુવતીઓના ઘડા ભરી આપ્યા અને તેમનાં ઘેટાં-બકરાંને પણ પાણી પાયું.

"હવે તમારો વારો!" તેણે પેલા ભરવાડોને કહ્યું.

યુવતીઓ ખૂબ આભાર માનતી પોતાના ઘેર જવા લાગી. ભરવાડોના આગેવાને મુસા સામે જોઈ, ભૂલની માફી માગતું સ્મિત કર્યું.

યિથ્રોએ પોતાની દીકરીઓને પૂછ્યું, "આજે તમે વહેલી ઘેર કેમ આવી?"

કૂવા પાસે જે કંઈ બન્યું હતું તે યુવતીઓએ પોતાના પિતાને કહી સંભળાવ્યું.

"એ તો એક મિસરી યુવાન હતો. એ મિસરના યુવાને અમને મદદ કરી."

તેમના પિતાએ કહ્યું, "તે જુવાન ક્યાં છે? તમે તેને મૂકીને કેમ આવી? તેણે તો તમારી પ્રત્યે ભલાઈ દર્શાવી છે, તો તમે તેને આપણે ત્યાં જમવા કેમ તેડી ન લાવી?"

બીજે દિવસે મુસાએ એકલા આગળ જવા માટે ભરવાડોની રજા માંગી. "હવે અમારા માંદાં પશુઓની ચાકરી કોણ કરશે? તાપણાની આસપાસ બેઠા હોઈએ ત્યારે અમને રસિક વાર્તાઓ કોણ કહેશે?" આમ કહી ભરવાડોએ મુસાને પોતાની સાથે રહેવાની વિનંતી કરી.

પરંતુ મુસાએ ઇન્કાર કર્યો.

ગામલોકો, ભટકતા ભરવાડો અને પ્રવાસી વેપારીઓ કૂવા પાસે મળ્યા. જરૂર તેઓ મુસા માટે કોઈ કામ શોધી કાઢશે કે તેને મુસાફરી કરવાની નવી તક મળશે.

"જુઓ, પેલો જુવાન તો પાછળ રહી ગયો છે!" સિપોરા નામની યિથ્રોની દીકરીએ પોતાની બહેનોને ધીમેથી, જાણે કે કાનમાં કહ્યું.

મુસાએ પણ આ યુવતીઓને ઓળખી કાઢી.

એ યુવતીઓ કશું કહે તે પહેલાં તેણે કૂવામાંથી તેમના ઘડા ભરવા પાણી ખેંચ્યું અને તેમનાં ઘેટાંને પણ પાયું.

"અમારી સાથે પધારો. અમારા બાપુજીએ આપને અમારી સાથે જમવાનું આમંત્રણ આપ્યું છે," સૌથી મોટી બહેને મુસાને કહ્યું.

યિથ્રોએ ઘરના દરવાજા પાસે મુસાનો આવકાર કરતાં કહ્યું, "અજાણ્યા યુવાન, ભલે પધારો !"

યિથ્રોનાં પત્ની ચોખ્ખા પાણીનો ગ્લાસ લઈ આવ્યાં.

ઘરમાં પ્રવેશતાં પહેલાં મુસાએ પોતાના હાથ અને પગ ધોયા.

ભોજન કર્યા પછી યિથ્રોએ પોતાનાં કુટુંબીજનોને એકઠાં કર્યાં અને તેમને ઈશ્વર વિશે વાત કહી.

મુસાએ આશ્ચર્યમુગ્ધ બની જઈને સાંભળ્યું.

આ ઈશ્વર તો સૂર્યદેવ એવો આતુન નહોતો, એ કોઈ મિસરી દેવ પણ નહોતો. એ તો એક અદૃશ્ય ઈશ્વર હતા, ઈબ્રાહીમ, ઈસ્હાક અને યાકૂબના ઈશ્વર હતા. શું આ જ ઈશ્વર વિશે તેના બાપુજી આમ્રામે તેને જણાવ્યું નહોતું? પરંતુ ત્યારે તો તે આ બધું સમજવા માટે ખૂબ નાનો હતો. પછી તો ઘણો સમય પસાર થઈ ગયો છે. હવે મુસા ત્રીસ વર્ષનો થયો છે.

"મુસા, શું તમે અમારી સાથે રહેશો?" યિથ્રોએ પૂછ્યું. "અમારાં ઘેટાં-બકરાં પર દેખરેખ રાખનાર ભરવાડ તરીકે તમે અમને ઉપયોગી થઈ પડશો."

"પરંતુ હું કોઈ ભરવાડ કે ગોવાળિયો નથી." મુસાએ કહ્યું.

પછી મુસાએ પહેલી જ વાર કોઈ અજાણ્યા માણસને પોતાના જન્મની વાત, રાજમહેલમાં રાજકુમાર તરીકે ગાળેલાં વર્ષોની વાત અને પોતાના ઈઝ્રાયલી ભાઈઓની કપરી ગુલામીની વાત કહી સંભળાવી. પોતે કરેલા એક મિસરીના ખૂનની વાત પણ છુપાવી નહિ.

પુરોહિતે (ધર્મગુરુ) ધ્યાનપૂર્વક આ વાતો સાંભળી.

"અમારી સાથે રહો. તમે ભલે ભરવાડ કે ગોવાળિયા ન હો તો પણ તમે અમારાં ઘેટાંબકરાંને સારી રીતે સાચવશો."

મુસાને આનંદ થયો. એક તો તેને કામ મળ્યું, આશ્રય મળ્યો અને સર્વથી વિશેષ તો પોતાના બાપદાદાના ઈશ્વર મળ્યા.

યિથ્રોની દીકરીઓને મુસા કૂવા પર મળ્યો તે વાતને એક વર્ષ વીતી ગયું હતું.

યિથ્રો મુસાને પોતાના દીકરાની જેમ રાખતા હતા. હવે મુસા યિથ્રો સામે ઊભો હતો.

તોતડાયા વગર બોલવામાં, યોગ્ય શબ્દો શોધી કાઢવામાં તેને તકલીફ પડતી હતી.

"હું ગરીબ છું. ભાગેડુ છું. મારી પાસે નથી ઘેટાંબકરાં કે નથી કોઈ રહેઠાણ... હું તમારા દેશમાં અજાણ્યો પ્રવાસી છું... પરંતુ હું આપની દીકરી સિપોરાને ચાહું છું... શું આપ સિપોરાને મારી પત્ની તરીકે મને આપશો?"

દીકરી સિપોરા પર યિથ્રોને સહુથી વધારે પ્રીતિ હતી. યિથ્રોએ લાંબું વિચાર્યું નહિ. સિપોરા જ્યારે જ્યારે મુસાને જોતી કે મળતી ત્યારે શરમાઈ જતી એ યિથ્રોની ધ્યાનબહાર નહોતું.

"હા", યિથ્રોએ કહ્યું : "તમે સિપોરાને તમારી પત્ની તરીકે લઈ શકશો. આપણે લગ્નની તૈયારીઓ કરીએ. ઈશ્વર તમ બંનેની સાથે રહો!"

૪

મુસા ઘરના બારણામાં ઊભો હતો.

એણે સફેદ ઝભ્ભો પહેર્યો હતો. માથા ઉપર ઊનનું કપડું વિંટાળ્યું હતું. એનાથી સૂર્યના કિરણો સામે રક્ષણ મળતું.

સિપોરાએ તેને ગાલ પર ચુંબન કરી વિદાય આપી.

"બાપુજી, શું અમે તમારી સાથે આવી શકીએ?" ગેર્શોમ અને એલીએઝેર નામના તેના બે દીકરાઓએ મુસાને પૂછયું.

"બેટા, મારી સાથે થોડેક સુધી જરૂર આવો," મુસાએ હસીને કહ્યું.

"બંને કેટલા બધા ઊંચા વધી ગયા છે!" મુસાએ મનમાં વિચાર્યું. મોટો ગેર્શોમ તો હવે મુસાના ખભાથી-યે ઊંચો થઈ ગયો હતો. ત્રણે નીકળ્યા.

રણની હદ આવી ત્યારે મુસાએ બંને દીકરાઓને પાછા મોકલ્યા.

"બેટા, ઘેટાંને કાતરવામાં દાદાજીને મદદ કરજો," તેણે દીકરાઓને વ્હાલથી વિદાય આપતાં કહ્યું.

મુસા સિનાઈ પર્વત તરફ જતો હતો. ત્યાં તેનું એક ટોળું ચરતું હતું.

મુસા એક શ્રીમંત અને સન્માનનીય માણસ બન્યો હતો.

મિદ્યાનના પ્રદેશમાં એ ઘણાં વર્ષોથી રહેતો હતો. પરંતુ એ મિસરમાં રહેતા અને ગુલામીનો ત્રાસ વેઠતા પોતાના ઈઝરાયલી ભાઈઓને ભૂલ્યો નહોતો. વણજારા વેપારીઓ પાસેથી તેણે ફારૂનના મૃત્યુના સમાચાર મેળવ્યા હતા. ઈઝરાયલી ભાઈઓની ગુલામીની વાતો એના હૃદયને ખૂબ બેચેન બનાવતી. એને સતત અજંપો સતાવતો.

નવા રાજાના અમલ નીચે ઈઝરાયલીઓની હાલત કેવી હશે?

શું એણે મિસરમાં પાછું જવું જોઈએ? પરંતુ એ એકલો મિસરના રાજાની પ્રચંડ લશ્કરી તાકાત સામે શું કરી શકવાનો?

શા માટે ઈશ્વર ઈઝરાયલીઓની મદદ કરતા નથી?

વિચારોમાં ખોવાઈ જઈને, મુસા રસ્તાની ધારે બેઠો.

આ શું બન્યું?

મુસા કૂદીને ઊભો થઈ ગયો. એની પાસેનું ઝાંખરું (નાનું ઝાડવું) એકદમ પ્રકાશિત જ્વાલાઓમાં ભડભડ થતું સળગી ઊઠયું.

"મુસા! મુસા!"

કોણ તેને બોલાવે છે?

"મુસા! મુસા!"

ગભરાઈ જઈને તેણે કહ્યું, "હું આ રહ્યો!" બોલવાનો અવાજ તો પેલા બળતા અને છતાં ન ઓલવાતા નાના ઝાડવામાંથી– ઝાંખરામાંથી આવતો હતો.

"પાસે આવતો નહિ. તારા પગમાંથી પગરખાં કાઢી નાખ. જ્યાં તું ઊભો છે એ પવિત્ર ભૂમિ છે. હું ઇબ્રાહીમ, ઇસ્હાક અને યાકૂબનો ઈશ્વર છું.

આ તો ઈશ્વરની વાણી હતી: "મેં મિસરના મારા લોકોના દુ:ખભર્યા પોકારો સાંભળ્યા છે. તેમની હાડમારી જોઈ છે. મને તેમની દયા આવે છે. હું તેમને મિસરમાંથી બહાર લઈ આવીશ. હું તેમને દૂધમધની રેલછેલવાળા કનાન દેશમાં લઈ જઈશ. તું ફારૂન પાસે જા! તું ફારૂનને કહે કે, 'હું હિબ્રૂઓને મિસરમાંથી બહાર લઈ જવા આવ્યો છું.'"

મુસાએ પોતાનું મુખ પોતાના હાથોમાં સંતાડયું. મુસાએ કહ્યું. "પરંતુ મારી તે શી વિસાત? હું તે કોણ... મિસરના રાજા પાસે જનારો? મિસરમાં રહેતા ઇઝરાયલીઓ મને ઓળખતા નથી. તેઓ મને પૂછશે, કે 'કોણે તને મોકલ્યો છે? આ ઈશ્વર તે કોણ છે? એનું નામ શું છે?' તો મારે શો જવાબ આપવો?"

"તું કહેજે કે 'હું જે છું તે છું' – એ મને તમારી પાસે મોકલ્યો છે. હું ઈબ્રાહીમ, ઈસ્હાક ને યાકૂબનો ઈશ્વર છું."

"પરંતુ હું તેમને કેવી રીતે પુરવાર કરી બતાવું કે આપે મને દર્શન આપ્યું છે?"

"મુસા, તારા હાથમાં શું છે?"

"ભરવાડની... લાકડી"

"એને ભોંય ઉપર નાખી દે!"

મુસાએ તેમ કર્યું. ગભરાઈને તે પાછો હઠી ગયો. લાકડી સાપમાં ફેરવાઈ ગઈ હતી.

'તારો હાથ લંબાવીને એની પૂંછડી પકડી લે!'

મુસાએ તેમ કર્યું.

હાથમાં આવતાં જ સાપમાંથી ફરીથી લાકડી બની ગઈ.

"મુસા! મિસરમાં જા. હું તારા દ્વારા મિસરના રાજાને મારું પરાક્રમ દેખાડીશ અને ઇઝરાયલીઓને પણ મારું સામર્થ્ય બતાવીશ. આ નિશાનીથી તેઓ તારા ઉપર વિશ્વાસ કરશે."

શું ઈશ્વર તેની પાસેથી વધુ પડતી માગણી કરતા હતા?

"પ્રભુ", મુસાએ કહ્યું, "હું તો બાળપણથી... ત.. ત.. તોતડાઉં છું. હું ક્યારે પણ સારો વક્તા નહોતો અને નથી...

તેથી મ... મ... મહેરબાની કરી... બીજા કોઈને મોકલો..."

"માણસને કોણે બનાવ્યો છે? માણસને મૂંગો કે બહેરો, દેખતો કે આંધળો કોણ બનાવે છે? શું એ હું પ્રભુ નથી?"

મુસા જમીન ઉપર લાંબોછટ થઈને પડયો. એણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

હવે એ સમજી ગયો કે એણે પ્રભુની આજ્ઞા પાળવી જ પડશે.

"તારો ભાઈ હારૂન તને મળવા આવે છે. હું જાણું છું કે, તે સારો વક્તા છે. મુસા, એ તારે બદલે બોલશે. હું તારી સાથે છું."

"હું તારી સાથે છું", એ છેલ્લા શબ્દો સાથે જ ઝાંખરામાંનો અગ્નિ ઓલવાઈ ગયો. મુસાએ જોયું તો ઝાંખરું અગાઉ હતું તેવું જ હતું. એ બળી ગયું નહોતું.

મુસાને સમયનું ભાન રહ્યું નહિ. એ કેટલા સમયથી જમીન ઉપર સૂતો હશે? રાત પડી હતી. આકાશમાં તારા હીરાની કણિકાઓની જેમ પ્રકાશતા હતા.

મુસા ઘેર પાછો ફર્યો.

ઈશ્વરે એક મહાન જવાબદારી ઉઠાવવા તેને પસંદ કર્યો હતો.

પરોઢિયે તે રણદ્વીપ પાસે આવી પહોંચ્યો.

તેણે તેના સસરા યિથ્રોના ઘરનો દરવાજો ખખડાવ્યો.

સિનાઈ પર્વત ઉપર જે કંઈ બન્યું હતું તે મુસાએ યિથ્રોને કહી સંભળાવ્યું.

વૃદ્ધ માણસે ગંભીરતા અને શાંતિપૂર્વક સાંભળ્યું. "ઈશ્વરે તમારી સાથે વાત કરી છે," યિથ્રોએ ધીમેથી કહ્યું, "મારે તમને જવાની રજા આપવી જ પડે."

સિપોરા દિલગીર થઈ. પરંતુ તે જાણતી હતી કે તે તેનો પતિને રોકી શકશે નહિ.

ગેર્શોમ અને એલીએઝેરને લઈને તે મિદ્યાનની સરહદ સુધી મુસા સાથે ગઈ.

શું તેઓ ફરીથી એકબીજાને જોઈ શકશે?

૫

રસોડામાં સળગતો ચૂલો, ભોંયતળિયે પાથરેલાં બકરાંનાં ચામડાં, અભરાઈઓ પરનાં વાસણો - આ બધું જ મુસાએ પોતાનાં સ્વપ્નોમાં જેવું જોયું હતું તેવુ જ હતું.

તેણે પોતાની જિંદગીમાં પ્રથમ પાંચ વર્ષ આજ ઓરડામાં ગાળ્યાં હતા. આજ ઓરડામાં તે પ્રથમ વાર રડયો હતો અને હસ્યો હતો.

વાસ્તવિકતાએ તેને ભારે આશ્ચર્યમાં નાખી દીધો હતો.

આમ્રામના વાળ સફેદ થઈ ગયા હતા. મુસાએ તો પોતાના બાપુજીને એક ઊંચા અને સશક્ત માણસ તરીકે જોયા હતા. હવે તે લાકડીને ટેકે ચાલતા હતા અને તેમની ઉંમર સો વર્ષ કરતાં વધારે હતી.

મરિયમ બાપુજીની સંભાળ લેતી હતી. માતા યોખેબેદ મૃત્યુ પામી હતી. માતાને ફરીથી મળવાની, તેને જોવાની અને તેનો સ્નેહાળ અવાજ ફરીથી સાંભળવાની મુસાને કેટલી બધી ઈચ્છા હતી!

મૃદુતાથી મુસાએ પિતા આમ્રામના હાથ પોતાના હાથમાં લીધા. તેમના હાથ ધ્રૂજતા હતા. એમના શરીરમાં જાણે માત્ર હાડકાં જ રહ્યાં હોય એવું લાગતું હતું.

મુસાએ પોતાના પિતા આમ્રામને ઈશ્વર સાથે થયેલી અણધારી મુલાકાતની વાત કરી. આ વાતથી વૃદ્ધ આમ્રામની આંખો ચમકી ઊઠી. મુસા જે કંઈ તેમને કહેતો હતો તેના કોઈ પુરાવાની જરૂર ન હતી. એ પોતાના પૂર્વજોના ઈશ્વરને કદી પણ ભૂલી ગયો નહોતો.

"મારી ઇચ્છા અને પ્રાર્થના સાચી પડી છે. હવે હું શાંતિથી મૃત્યુ પામીશ." આમ્રામે કહ્યું.

ઈશ્વરે જેમ અગાઉથી જણાવ્યું હતું તેમ મિદ્યાન અને મિસરની સરહદ ઉપર હારૂન મુસાને મળ્યો હતો. ઈશ્વરે તેની સાથે પણ વાત કરી હતી. મુસાને ઈશ્વરે જે કામ સોંપ્યું હતું તેનાથી હારૂનને પણ પ્રેરણા મળી હતી. મુસાને મદદ કરવા પોતાની જે કંઈ થઈ શકે તે બધું કરી છૂટવા હારૂન તૈયાર હતો.

ઈઝરાયલના સૌથી વયોવૃદ્ધ અને સૌથી ડાહ્યા માણસો આમ્રામના ઘરમાં પરોઢિયા સુધી બેઠા. ભરવાડની લાકડી એક હાથમાંથી બીજા હાથમાં ફરતી હતી. તે જમીન ઉપર પડે ત્યારે તે ઝેરી સાપમાં ફેરવાઈ જતી. દરેકે આ જોયું.

બધાંની આંખોમાં આંસુ ઊભરાતાં હતાં, છતાં કોઈને તેની શરમ લાગતી નહોતી.

"ઈશ્વરે આપણી પ્રાર્થનાઓ સાંભળી છે. આપણી ગુલામીનો અંત આવ્યો છે. મુસા આપણને મિસરમાંથી છોડાવશે અને ઈશ્વરે જે આપવાનું વચન આપ્યું છે તે દેશમાં આપણને દોરી જશે."

"આપણે ક્યારે જઈશું?" તેમણે પૂછ્યું.

મુસાએ તેમને સાવચેત રહેવાની ચેતવણી આપી. એની ગેરહાજરીમાં મિસરમાં ઘણું બધું બદલાઈ ગયું હતું.

નવા રાજા રામસેએ (નવા ફારૂને) પોતાના ઇઝરાયલી ગુલામો વડે પિરામિડો, મંદિરો, મહેલો અને નવાં શહેરો બંધાવ્યાં હતાં. તેના નામમાં હજારો ઈંટો પાડવામાં આવી હતી.

માત્ર ઈઝરાયલીઓ જ નહિ પરંતુ મિસરીઓ પણ આ નવા રાજાની એડી નીચે કચડાતા હતા, કારણ કે, તે વધુ ને વધુ કર માંગતો હતો.

જ્યાં કંઈ મુસા ગયો ત્યાં તેને અસંતોષી ચહેરાઓ જોવા મળ્યા.

ઈશ્વરે મુસા દ્વારા અદ્ભુત ચમત્કારો કરાવ્યા. ચોરે અને ચૌટે, ઈંટોના ભઠ્ઠાઓમાં અને મકાનબાંધકામયોજનાઓ પર આની જ ચર્ચા થતી હતી. ઈશ્વરનો સંદેશો એક માણસના હોઠોથી બીજા માણસોના હોઠો પર એમ બધે જ ફેલાઈ ગયો.

"થોડા સમયમાં જ આપણે સ્વતંત્ર થઈશું." એમ ઈઝરાયલી માણસોની આંખો જાણે કે બીજી આંખોને

કહેતી હતી. મિસરી મુકાદમોની મારઝૂડ અને શાપ જાણે કે ઓછાં થતાં જતાં હતાં, ઓછાં ત્રાસદાયક બન્યાં હતાં.

ઘણા ઈઝરાયલીઓએ તો પહેલી જ વાર ઈશ્વર વિશે સાંભળ્યું. ઘણા ઈઝરાયલીઓ તો પોતાનાં દુઃખોમાં પ્રભુને ભૂલી જ ગયા હતા. હવે તેમને ફરીથી પ્રભુમાં શ્રદ્ધા જાગી.

જયાં કંઈ મુસા જતો ત્યાં ત્યાં એટલે ચોરે અને ચૌટે બાળકો આડી ગભરાટભરી નજરે એની લાકડી સામે જોતાં.

આમ્રામનું ઘર તો ચોવીસે કલાક માણસોથી ઊભરાતું. આવનારાં તો મુસાને સાંભળવા અને જે ચમત્કારો તે કરતો હતો તે નજરે જોવા ઊમટતાં હતાં. તેઓ શું વિચારે છે તે મુસા પારખી ગયો.

"હું કોઈ જાદુગર નથી." મુસાએ કહ્યું.

મહેલમાં એક સશસ્ત્ર સૈનિક મુસા અને હારૂનની સાથે જ રહેતો.

મુસાને તો મહેલના બધા જ બગીચાઓની, ચોગાનોની, પરસાળોની અને ખંડોની માહિતી હતી.

ઘણાં વર્ષો પહેલાં એક રાજકુમાર તરીકે તે આજ મહેલમાં ઊછર્યો હતો. બધું પહેલાં જેવું જ હતું, પણ બધા ચહેરા નવા હતા.

એના શિક્ષકોનું શું થયું હશે?

આશ્ચર્ય પામીને, રક્ષકો અને દરબારીઓ આ બંને દાઢીધારી માણસોને નિહાળતા હતા :

'આ ઈઝરાયલીઓ શા માટે મહેલમાં આવ્યા હશે? તે મહારાજા પાસેથી શું માગતા હશે?'

શિલામાંથી ઘડાયેલા કોઈ પૂતળાની જેમ મહારાજા રામસે(ફ્રારૂન) પોતાના સોનાના સિંહાસન પર બેઠા હતા. પથ્થર જેવા ચહેરાથી તે મુસા અને હારૂન સામે કરડાકીથી જોતા હતા.

"મિસરના મહારાજા," હારૂને કહ્યું. "અમે ઈશ્વરને નામે આવ્યા છીએ. ઈશ્વરના મહિમા માટે ત્રણ દિવસનો ઉત્સવ ઉજવવા તમે તેમના લોકોને રણમાં જવાની પરવાનગી આપો."

"આ ઈશ્વર કોણ છે?"

"અમારા ઈશ્વર તે ઈઝરાયલીઓના અદૃશ્ય ઈશ્વર છે."

"તમે તમારા મનમાં શું સમજો છો? શું તમે આ માણસો વેઠ અટકાવી દે તેવું ઇચ્છો છો? ના, ના, એવું હરગીજ નહિ બને! તેઓ તો કામ કરશે જ. મારી તલવાર તમારા પર પ્રહાર કરે તે પહેલાં મારી આંખો સામેથી દૂર ખસી જાઓ!"

રાજા ફ્રારૂનની કરડાકીભરી આંખો સામે મુસા અને હારૂન જોઈ રહ્યા.

પછી તેઓ ફર્યા અને ખંડમાંથી નીકળ્યા.

ભારે ઉત્તેજના અનુભવતા રાજા પોતે હતો ત્યાં જ બેસી રહ્યો.

એ જાણતો હતો કે મુસા આ મહેલમાં જ ઊછરીને મોટો થયો હતો.

"આ માણસને શું જોઈએ છે? શું એ મુશ્કેલી ઊભી કરવા માંગે છે? એની માંગણી તો ભયંકર છે!"

મુસા એકે શબ્દ બોલ્યો નહોતો, પરંતુ રાજાને તેની વિશાળ ને કાળી આંખો વારેવારે યાદ આવતી હતી.

મુસા પાસે કંઈ અદ્ભુત એવું પરાક્રમ હતું. એની આંખો રાજાને લડવા માટે પડકાર ફેંકતી હતી.

"એ મને ધમકી આપી શકશે નહિ", રાજાએ પોતાના મનમાં કહ્યું.

એણે ગુલામોના સૌથી વડા મુકાદમને તેડાવ્યો.

"આજથી ઈંટો પાડવા માટે ઘાસનું જે પરાળ જોઈએ છે તે તમારે ઈઝરાયલીઓને આપવાનું નથી," રાજાએ આજ્ઞા ફરમાવી. "ઈઝરાયલીઓએ જાતે જઈને પરાળ ભેગું કરી લાવવું પડશે. ઉપરાંત, અત્યાર સુધી એ લોકો જેટલી ઈંટો પાડતા હતા તેટલી જ તેઓ પાડે, નહીં તો તેમને વધુ કડક સજા કરો!"

આનાથી તો ઘણા ઈઝરાયલી કારીગરો સખત શ્રમને લીધે લોથપોથ થઈ ગયા, ઘણા તો બેભાન થઈ ગયા. દયા

એ વળી શી ચીજ છે તે આ મિસરી મુકાદમો જાણતા નહોતા. તેમને તો રાજાની આજ્ઞાનું પાલન કરવાનું હતું. આથી તો ઈઝરાયલી વેઠિયાઓના મુખીઓ ભારે પરેશાનીમાં મુકાઈ ગયા. નક્કી કરેલી સંખ્યામાં ઈંટો પડાવવાનું કામ તેમનું હતું.

રાજા તો અશક્ય માગણી મૂકતા હતા.

ઈઝરાયલી મજૂરોના મુખીઓ રાજા પાસે ગયા અને પોતાનો હુકમ પાછો ખેંચી લેવા તેમણે રાજાને વિનંતી કરી.

પરંતુ રાજાનો હઠાગ્રહ ચાલુ રહ્યો.

"મારી આંખો સામેથી દૂર હઠો અને કામે લાગો!"

સશસ્ત્ર સૈનિકોએ ઈઝરાયલીઓના મુખીઓને મારીને મહેલમાંથી હાંકી કાઢયા.

તેઓ ભારે ગુસ્સે થઈને કામ પર પાછા ફર્યા. શું આ બધા માટે મુસા જવાબદાર નહોતો?

તેમણે મુસાને કહ્યું, "તમે તો અમને વધારે પરેશાનીમાં મૂકી દીધા છે. તમારે લીધે તો અમારી મુશ્કેલીઓ અનેકગણી વધારે બની છે!"

મૌન રહીને મુસાએ તેમનો ઠપકો સાંભળ્યો. તેઓ સાચા હતા. શંકાકુશંકાથી તેનું મન ભરાઈ ગયું.

"પ્રભુ, તમે તમારા લોકોનું બૂરું શા માટે કરો છો? શા માટે તેમને વધુ સહન કરાવડાવો છો? તમે શા માટે

મને અહીં મોકલ્યો છે?" મુસાએ રડતા હૃદયે પ્રભુને વીનવણી કરી.

શાંતિમાં મુસાને પ્રભુની વાણી સંભળાઈ. "હું પ્રભુ છું! હું તમારો ઈશ્વર છું અને તમે મારા લોકો છો. મેં ઈઝરાયલીઓનો આર્તનાદ સાંભળ્યો છે. હું તેમને મિસરની તેમની વેઠમાંથી છોડાવીશ. મારા બાહુબળથી હું ફારૂનને ફરજ પાડીશ કે તે તેમને મુક્ત કરે. જા, ફરીથી રાજા સાથે વાત કર, ગભરાઈશ નહિ. હું તને રાજાની દૃષ્ટિમાં એક દેવ જેવો બનાવીશ. હું તારી સાથે છું."

૯

બીજી એક વાર મુસા હારૂન સાથે મિસરના ફારૂન રાજાના દરબારમાં રાજા સામે ઊભો રહ્યો.

“ફારૂન, મિસરના મહારાજા!” હારૂને કહ્યું. “પ્રભુ, અમારા ઈશ્વરે, અમને આપની પાસે મોકલ્યા છે. અમને મિસર છોડીને જવા દો. ગોશેનનો પ્રદેશ હવે અમારે માટે ખૂબ ભીડવાળો બની ગયો છે. આપના મુકાદમો ખૂબ ક્રૂરતાથી અમારી સાથે વર્તે છે. જે પ્રદેશ અમને આપવાનું અમારા ઈશ્વરે અમને વચન આપ્યું છે તે કનાનના પ્રદેશમાં અમને જવાની પરવાનગી આપો!”

રાજાએ શાહી કુટુંબનાં માણસો સામે નજર કરી.

બધાં જ ત્યાં હાજર હતાં. મહારાણી, રાજકુંવરો અને રાજકુંવરીઓ, પ્રધાનો અને સેનાપતિઓ બધાં શાહી પોશાકમાં ત્યાં ઉપસ્થિત હતાં.

“શું તમે આ સાંભળ્યું?” રાજાએ હાંસી ઊડાવતાં કહ્યું.

"મુસા અને હારૂન, તમારો ઈશ્વર કોણ છે? તે મને કદી પણ મળ્યો નથી."

એકે શબ્દ બોલ્યા વિના હારૂને મુસાની લાકડી રાજાના પગ પાસે ફેંકી.

શું હારૂન મહારાજાને મૂર્ખ માને છે? ગાંઠાગાંઠાવાળી લાકડી! આનો વળી શો અર્થ છે?

અચાનક મહારાણીએ ચીસ પાડી. લાકડી સળવળવા લાગી હતી.

"સાપ!" દરબારીઓ ચીસ પાડી ઊઠયા. ત્રાસ પામી જઈને તેઓ પાછા હઠી ગયા.

"એકમાત્ર મહારાજા અસ્વસ્થ થયા નહોતા.

"જાદુની કરામતો! તમે મને આવા કશાથી ગભરાવી શકશો નહિ! મારા જાદુગરો પણ આવું કરી શકશે, સમજ્યા? મારા જાદુગરોને એકદમ બોલાવો!"

પાંચ જાદુગરો રાજાની તહેનાતમાં હાજર થયા.

કુરનિશ બજાવી તેમણે કહ્યું, "ફારૂન, મિસરના મહારાજા, અમે આપની શી સેવા કરી શકીએ?"

"જાદુગરની તમારી લાકડીઓ મારા પગ પાસે ફેંકો અને તેમને સાપમાં ફેરવી નાખો!" રાજાએ હુકમ કર્યો.

મુસાનો સાપ ફેણ માંડીને જમીન ઉપર ગૂંચળું થઈને પડી રહ્યો.

"મહારાજા, અમે પ્રયત્ન કરીશું." જાદુગરોએ કહ્યું.

જોનારા બધાના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા.

મંત્રો બોલીને , વિચિત્ર ક્રિયાઓ કરીને જાદુગરોએ પોતાની લાકડીઓ ફારૂનના પગ પાસે મૂકી. બધાંની આંખો સામે તે સર્પોમાં ફેરવાઈ ગઈ.

રાજા હસ્યો.

"જુઓ!" તેણે મુસાને હારૂનને કહ્યું. "ફારૂન કોઈ જાદુઈ યુક્તિઓથી માની જાય તેવું નથી."

રાજા બોલતો હતો ત્યાં તો જાણે કે હારૂનનો સર્પ એકદમ જાગૃત થયો. વીજળીની જેમ તે પેલા પાંચ સાપ તરફ ધસી ગયો ને તેમને ગળી ગયો.

દરબારીઓનું કટાક્ષયુક્ત હસવાનું એકદમ બંધ થઈ ગયું.

રાજાએ પોતાના હાથ બચાવમાં પાછા ખેંચી લીધા. સાપ મહારાજા તરફ સરક્યો.

"જાઓ!" તેણે મુસા અને હારૂનને કહ્યું.

"તમારો સાપ લઈને જાઓ! હું ફરીથી તમારાં મોં જોવા માગતો નથી!"

હારૂને સાપને પૂંછડીથી પકડયો એટલે તે આમતેમ સળવળી લાકડી બની ગયો. ફરીથી ગાંઠાવાળી લાકડીમાં ફેરવાઈ ગયો.

હારૂને લાકડી મુસાને સોંપી. કશુંયે બોલ્યા વિના તેઓ ખંડમાંથી નીકળ્યા.

ફારૂનના દરબારીઓ અને કુટુંબીજનો તેમને વિટંળાઈ વળ્યા.

"આપે કેમ તેમને કેદમાં ન નંખાવ્યા? કેમ તેમને જીવતા જવા દીધા?"

"હા, મેં એમ કેમ ન કર્યું?" મહારાજા પણ જાણે લકવાગ્રસ્ત બની ગયા હોય તેમ ધીમે ધીમે બોલ્યા.

ત્રીજીવાર મુસા મહારાજા ફારૂનને નાઈલ નદીના કિનારે મળ્યો. મહારાજા નદીમાં સ્નાન કરવા જતા હતા.

થોડી પળો સુધી બંને એકબીજા સામે જોતા રહ્યા.

"મિસરના મહારાજા," મુસાએ ધીમેથી કહ્યું. "ઈશ્વરે મને ફરીથી તમારી પાસે મોકલ્યો છે. ઈશ્વરની વિનંતી સાંભળો અને તેમના લોકોને જવા દો."

રાજા તો મુસાની ભરવાડની લાકડી સામે શંકાથી જોતા હતા.

પહેલી જ વાર તે મુસાનો અવાજ સાંભળતો હતો.

"મારા માર્ગમાંથી ખસી જા!" મહારાજાએ કહ્યું. "તને જોવાથી મને ક્રોધ ચડે છે!"

"મહારાજા, તમારું હૃદય હઠીલું બન્યું છે. પરંતુ ઈશ્વર તમારા કરતાં વધારે સમર્થ છે."

જુઓ, આ પણ એક નિશાની છે!"

મુસાએ નાઈલનાં પાણી ઉપર પોતાની લાકડીથી ઘા કર્યો.

શું એણે કોઈ ઝરો રેલાવ્યો? પરંતુ ઊંડાણમાંથી જે કંઈ બહાર આવ્યું તે પાણી નહોતું એ તો લોહી હતું!!

પાણીનો રંગ પણ બદલાઈ ગયો. મરેલી માછલીઓ સપાટી ઉપર ખેંચાઈ આવી.

"મુસા!" રાજાએ ચીસ પાડી. "મુસા, આ તેં શું કર્યું?"

પણ મુસા ત્યાં નહોતો. એક પણ શબ્દ બોલ્યા વિના તે ત્યાંથી ચાલ્યો ગયો હતો.

માછીમારોએ પોતાની જાળો હતી ત્યાં જ છોડી દીધી. ઉતાવળા થઈ જઈને તેઓ પાતાની હોડીઓ કાંઠા તરફ ખેંચવા લાગ્યા.

એક ગભરાઈ ગયેલું ટોળું ત્યાં એકઠું થઈ ગયું હતું.

ઝડપથી રાજા રામસે ચાલ્યા અને મહેલની ચાર દીવાલો વચ્ચે, પોતાના ચાકરો વચ્ચે, તેમણે આશ્રય લીધો.

માત્ર નાઈલ નદીનું પાણી જ નહિ પરંતુ કૂવાઓ, ઝરણાંઓ અને સરોવરોનું પાણી પણ લોહીમાં ફેરવાઈ ગયું હતું.

માણસોએ નવા કૂવા ખોદવાનો પ્રયત્ન કર્યો પણ બધું નકામું ગયું.

બજારોમાં હવે હાસ્યોના ખડખડાટ સંભળાતા નહોતો.

રાત્રે તો શેરીઓ અને ગલીકૂંચીઓ માણસો વગરની સૂમસામ બની જતી. ઘરોને તાળાં લાગી જતાં. ચકલું પણ ક્યાંય ફરકતું નહિ. પાણીનું લોહી થઈ જવાનો ઉપદ્રવ સાત દિવસ ચાલુ રહ્યો.

ફરીવાર મુસાએ રાજાના હૃદયનું પરિવર્તન કરાવવાનો પ્રયત્ન કર્યો.

મુસાએ રાજાને બીજા ઉપદ્રવો (મહા ઉપાધિઓ) અંગે ચેતવણી આપી.

પરંતુ રાજા પોતાનો નિર્ણય બદલવા તૈયાર થતા ન હતા.

"હું, ઈજિપ્તનો મહારાજા, કશાથી પણ ડઘાઈશ નહિ કે ડરી જઈશ નહિ," રાજાએ કહ્યું, "મુસા કે મુસાનો ઈશ્વર મને હરાવી શકશે નહિ!"

તળાવોમાંથી સરોવરોમાંથી અને નદીઓમાંથી હજારો દેડકાંઓ નકળી આવ્યાં. રસોઈયાઓને પોતાનાં વાસણોમાં અને ઘરબારી સ્ત્રીઓને દૂધનાં વાસણોનાં પણ દેડકાં ફરતાં ને કૂદતા દેખાતાં.

રાજા પણ આમાંથી બચ્યા નહિ. એમના બગીચાઓ દેડકાંઓથી ઊભરાતા હતા. એ જ્યાં જાય ત્યાં દેડકાં જ દેડકાં દેખાતાં. રાત્રે એમના પલંગમાં પણ દેડકાંઓ ફરતાં અને કૂદાકૂદ કરતાં.

થાકીને અને કંટાળીને રાજાએ મુસાને કહ્યું, "હું તમારા લોકોને જવા દઈશ."

પરંતુ દેડકાંનો ઉપદ્રવ (ઉપાધિ) શમ્યો ન શમ્યો, ત્યાંતો રાજા પોતાના વચનથી ફરી ગયા.

ઈઝ્રાયલી ગુલામોની સેવા વગર એમની નગર-બાંધકામ-યોજનાઓ પૂરી થઈ શકે તેમ રાજાને લાગ્યું નહિ.

એમણે મુસાને સંદેશો મોકલ્યો, "મેં મારો વિચાર બદલ્યો છે."

બીજા ઉપદ્રવો આવ્યા.

ધૂળનાં રજકણો મચ્છરોમાં ફેરવાઈ ગયાં. કાળાં વાદળોની જેમ મચ્છરોએ આકાશને ભરી દીધું અને સૂર્યને પણ ઢાંકી દીધો.

માણસો અને પશુઓને મચ્છરો કરડતાં જ રહ્યાં. કરડતાં જ રહ્યાં. એ એટલી વિપુલ સંખ્યામાં હતાં, કે કોઈ તેમને ભગાડી શકતું નહિ.

પશુઓમાં રોગચાળો ફાટી નીકળ્યો. મિસરીઓનાં લગભગ બધાં ઢોર મરી ગયાં.

મિસરીઓને અને તેમનાં બચેલાં પશુઓને- મોટાંને અને નાનાંને- ગૂમડાં ફૂટી નીકળ્યાં અને તે ફાટીને ઘારાં પડી ગયાં. મિસરીઓ ત્રાહીમામ પોકારી ગયાં.

કરાનો એવો ભારે વરસાદ પડયો કે, તેણે ખેતરોને ઉજ્જડ કરી નાખ્યાં, માણસો અને રહ્યાંસહ્યાં પશુઓનો સંહાર કર્યો.

પછી તીડોનો ઉપદ્રવ આવ્યો. તીડોએ પાક પર હુમલો કર્યો. કરાથી જે કંઈ બચ્યું હતું, તેને તીડો ખાઈ ગયા.

મિસર દેશમાં ત્રણ દિવસ સુધી અંધકાર વ્યાપી રહ્યો.

આ ઉપદ્રવોને પરિણામ દુકાળ પડયો અને તેણે પણ ચારે તરફ વિનાશ સર્જ્યો.

દરેક ઉપદ્રવ (ઉપાધિ) વખતે ફારૂન મુસાને ઉપદ્રવ શમાવી દેવા વિનંતી કરતો. દરેક વખતે રાજા ઈઝરાયલીઓને જવા દેવાનું વચન આપતો. પણ દરેક વખતે જ્યારે ઈશ્વર ઉપદ્રવ શમાવી દેતા કે તે તરત જ પોતાના વિચારો બદલતો અને ઈઝરાયલી ગુલામોને જવા દેવાની પરવાનગી આપતો નહિ. મિસરીઓ હવે ભડકી ગયા હતા. રાજા ઘણાં અઠવાડિયાઓથી પોતાના મહેલમાંથી બહાર નીકળ્યા નહોતા. તેમને હવે ફરિયાદો, બંડ અને દંગાનો ડર લાગતો હતો.

તે સતત પોતાના જાદુગરોને નવી નવી યુક્તિઓ અજમાવવાનું કહેતા હતા. પરંતુ જાદુગરોની શક્તિ મર્યાદિત હતી.

રાજાને હજુયે સમજાતું નહોતું કે, આ ઉપદ્રવોની પાછળ કોઈ જાદૂક્રિયા નહોતી, પરંતુ એક શક્તિશાળી ઈશ્વરનું પરાક્રમ હતું.

ઈશ્વરનો સંદેશો આથી વધુ કેટલો સ્પષ્ટ હોઈ શકે?

ઈઝરાયલીઓ આ બધા ઉપદ્રવોમાંથી બચી ગયા હતાં, કહો કે, તેમને બચાવી લેવામાં આવ્યા હતા.

મિસરવાસીઓ ઈઝરાયલીઓનાં ઘરોનાં બારણાં પાસે ઊભા રહીને તેમનાં બાળકો માટે ખોરાકની ભીખ માંગતાં. તેઓ ઈઝરાયલીઓ માટે ભેટો લાવતા. સોના અને રૂપાની થાળીઓ, દીવાઓ અને જરઝવેરાત. ઘણાં નિર્દોષોને પણ ઉપદ્રવોને કારણે સહન કરવું પડતું હતું.

મિસરીઓ કહેતા, "તમે અહીંથી જશો નહિ ત્યાં સુધી અમને કશી શાંતિ મળશે નહિ."

મુસા પણ જવાના દિવસની આતુરતાપૂર્વક રાહ જોતો હતો.

પરંતુ રાજાની પરવાનગી કે અનુમતિ સિવાય તે જવાનું સાહસ કરવા માંગતો નહોતો. તે અને હારૂન રાજાની તહેનાતમાં સતત ઊભા રહેતા. જો એ ઈઝરાયલીઓ સાથે નીકળી જવાનો પ્રયત્ન કરે તો લડવાનું થાય. ઘણા માર્યા જાય. એ ઈઝરાયલીઓના જીવતર સાથે કોઈ જુગાર ખેલવા તૈયાર નહોતો.

"હું તને ફારૂનની દૃષ્ટિમાં એક દેવ જેવો બનાવીશ." એ પ્રભુનું વચન તને સતત યાદ આવતું હતું.

ફરી એકવાર મુસા ફારૂનની હજૂરમાં જઈને ઊભો રહ્યો.



ઈશ્વરે હવે દસમાંના છેલ્લા ઉપદ્રવની જાહેરાત કરી દીધી હતી.

રાજમહેલમાં દુર્બળ ચહેરાઓ, ભયથી ફિક્કા પડેલા ચહેરાઓ તેને જોવા મળ્યા.

ઘણી બધી નિદ્રાવિહોણી રાત્રિઓથી રાજા ફારૂન થાકી ગયા હતા.

"મિસરના મહારાજા," મુસાએ છેલ્લી વાર કહ્યું. "ઈશ્વરે મને આપની પાસે મોકલ્યો છે. ઈશ્વરના લોકોને જવાની પરવાનગી આપો ~ "

"મને કશી પડી નથી." રાજાએ કહ્યું, "જાઓ! તમારી સ્રીઓ અને બાળકોને તમારી સાથે લઈ જાઓ, પણ તમારાં ઢોરઢાંક મારાં છે. તમારાં ઘેટાંબકરાં અને ઢોરને પાછળ મૂકતા જજો."

"ના," મુસાએ કહ્યું. "અમારાં ઘેટાંબકરાં અને ઢોરની અમારે જરૂર છે. એમના વિના અમારા ઈશ્વરને બલિ કેવી રીતે ચડાવી શકીએ? અમે શેના આધારે જીવીએ?"

તિરસ્કારથી ધ્રૂજતા રાજાએ મુસા સામે જોયું. એની ન તૂટનારી અતૂટ શક્તિનો એને ખ્યાલ આવી ગયો.

છતાં રાજાએ હઠીલાઈથી કહ્યું, "હું એમ તારે તાબે થવાનો નથી. પણ ખબરદાર! જો તેં ફરી મને મોં બતાવ્યું છે તો તું પોતાને તે જ દિવસે મૂઓ જાણજે!"

"મિસરના મહારાજા!" મુસાએ કહ્યું. "આપ સાચું બોલ્યા છો. હું ફરીથી કદી આપને જોવાનો નથી!"

એવું કહી પાછું જોયા વિના મુસા ચાલ્યો ગયો.

ત્રાસ પામી જઈને રાજા મુસાની પીઠ સામે તાકી રહ્યા.

"શું એ મુસાને પાછો બોલાવે?"

મુસા જાણતો હતો કે ઈશ્વરના સમર્થ સામે ફારૂનને નમવું જ પડશે.

જવાનો સમય આવી ગયો હતો.

મુસાએ ઈઝરાયલીઓના આગેવાનોને બોલાવ્યા અને છેલ્લી સૂચનાઓ આપી.

"દરેક ઘરમાં, દરેક કુટુંબમાં તમે એક ઘેટાને વધેરો, દરેક પાસ્ખાના બલિને અગ્નિમાં શેકી, બેખમીર રોટલી સાથે ખાઓ. તમારાં ઘરોની બંને બારસાખો ઉપર અને બારણાના ઓતરંગ ઉપર બલિનું લોહી લગાડો. આજે રાતે પ્રભુ મિસરમાં ફરશે અને દરેક પહેલા ખોળાના છોકરાનો અને પશુનો ઈશ્વર સહાર કરશે. પરંતુ તમારાં કુટુંબો બચી જશે; કારણ કે, તે તમારું બારણું ટાળીને આગળ જશે. તેથી તમારાં કુટુંબો સલામત રહેશે. જવાની તૈયારી કરો. તમારા પગમાં પગરખાં પહેરી લો, અને હાથોમાં તમારી લાકડીઓ રાખો. તમારાં બાળકો અને

તેમનાં બાળકો પણ આ રાત્રીને હંમેશાં યાદ રાખશે. તમે આ દિવસને સદા એક ઉત્સવ તરીકે ઉજવશો. તમારાં બાળકો તમને પૂછે કે, 'આ વિધિનો શો અર્થ છે?' ત્યારે તમે તેમને કહેજો, એ તો પ્રભુના માનમાં પાસ્ખાનો બલિ છે, જ્યારે ઈશ્વરે મિસરવાસીઓનો સંહાર કર્યો ત્યારે આપણાં ઘરોને ટાળીને તે આગળ ચાલ્યા ગયા હતા."

આ શબ્દોનો શો અર્થ છે તે ઘણાં ઈઝ્રાયલીઓ સમજી શક્યા નહિ. પરંતુ તેમણે મુસાએ કહ્યું તે પ્રમાણે કર્યું. બાળકો સહિત દરેક જણ જાગતું રહ્યું.

રાત પડી.

મહેલની એક બારી પાછળ છુપાઈને, રાજા ફારૂન મહેલની આગળ ઊભેલાં લોકોનાં ટોળાં ટોળાંને જોતા હતા.

"ફારૂન! ફારૂન!"

બૂમો ખૂબ આતુર અને ગંભીર બનતી જતી હતી.

"ફારૂન! ફારૂન! ઈઝ્રાયલીઓને જવા દો!"

"મિસરીઓનું એકે ઘર એવું નથી, જ્યાં પહેલા ખોળાના કોઈ છોકરો મૃત્યુ પામ્યો ન હોય," એક અધિકારી રાજા ફારૂનને માહિતી આપતો હતો. "માત્ર ઈઝ્રાયલીઓનાં બધાં ઘરો બચી ગયાં છે!"

રાજાએ દુઃખથી નિસાસો નાંખ્યો. કોઈકે મહારાજાના ખભા ઉપર ધીમેથી હાથ મૂકયો. એ તો મહારાણી હતાં,

"આપનો દીકરો, આપણા પહેલા ખોળાનો દીકરો મૃત્યુ પામ્યો છે!"

મહારાજ ફરસબંદી ઉપર ધબાક દઈને ફસડાઈ પડયા.

બે ચાકરો રાજાને ઊંચકીને તેમના ખંડમાં લઈ ગયા.

રાજા શોકમાં રૂદન કરતા હતા.

સૂર્યોદય પહેલાં મુસાને રાજાનો સંદેશો મળ્યો.

"જાઓ! તમે કહ્યું હતું કે પ્રમાણે તમારા પ્રભુની ભક્તિ કરો! તમારાં ઘેટાંબકરાં અને ઢોર પણ સાથે લઈ જાઓ! મારે માટે પણ પ્રાર્થના કરજો!" ઈઝરાયલીઓ જવા માટે તૈયાર જ હતા.

સરઘસને મોખરે મુસા હતો. આ તો વસંતનો સમય હતો. એપ્રિલ મહિનાના છેલ્લા દિવસો હતા.

ઈઝરાયલી લોકોનો મોટો સમુદાય શેરીઓમાં જમા થતો હતો.

વધુ ને વધુ માણસો આવતાં હતા પુષ્કળ ઘેટાંબકરાં અને ઢોરઢાંક. પહેલાં સ્ત્રીઓ અને બાળકો. પછી પુરુષો. ગાડાંઓમાં ઘરવખરીની સામગ્રી અને ખોરાક ભરાતો હતો.

ચારસો ને ત્રીસ વર્ષ પહેલાં યાકૂબ પોતાનાં કુટુંબ સાથે મિસરમાં આવ્યો હતો. તે પોતાના વહાલા પુત્ર યૂસફને મળવા મિસર આવ્યો હતો ને પછી યાકૂબ મૃત્યુ પામ્યો હતો.

ઈઝ્રાયલીઓના એક વડીલ યૂસફનાં અસ્થિને (હાડકાં) એક અસ્થિકુંભમાં મૂકીને લાવ્યા હતા. મિસરમાં તેઓ કેવી રીતે જીવ્યા તેની તે અસ્થિ કાયમ યાદ અપાવશે.

ધીમે ધીમે સૂર્ય ઊગ્યો.

વાદળનો એક થાંભલો (મેઘસ્તંભ) આ સરઘસની આગળ ચાલતો હતો. ઈશ્વર ઈઝ્રાયલીઓ સાથે હતા, તેનું એ ચિહ્ન હતું.

૭

"આપણી પાસેનો ઈંટોનો સ્ટોક ખલાસ થઈ ગયો છે, "મુકાદમોનો ઉપરીએ રાજા ફારૂનન કહ્યું. "ઈઝરાયલીઓ તો મજબૂત ને પરિશ્રમી હતા. હવે બાંધકામો પર મજૂરો મળતા નથી."

ગુલામોની સહાય વગર બાંધકામ-યોજનાઓ મુલતવી રાખવી પડશે, તેવું બધાંને લાગતું હતું.

રામસે(ફારૂનને નામે બંધાતું નગર) અને પીતનનાં જે બે નવાં નગરો બંધાતાં હતાં, તેઓમાંનાં ઘણાં મોટાં ને ભવ્ય મકાનો હજુ પૂરાં થયાં નહોતાં. હવે તે ક્યારે પણ પૂરાં થઈ શકશે કે કેમ તે કહેવું મુશ્કેલ હતું. આ વિચારથી રાજા ફારૂન બેચેન બની ગયા. રાજા તો પોતાને લોકો વર્ષો સુધી યાદ કરે તેવું પોતાનું સ્મારક બનાવવા માંગતા હતા.

'રામસે, મિસરના મહારાજા, બધા યુગોમાં સૌથી મહાન બાંધકામો બાંધનાર !' શું આ સ્વપ્ન ક્યારે પણ પૂરું નહિ થાય?' રાજા ફારૂન મનમાં વિચારતા હતા.

પોતે શા માટે ઈઝ્રાયલીઓને જવા દીધા?

મુસાએ પોતાને હરાવ્યો હતો.

હવે તે કેવી રીતે બદલો લે?

"આપણી પાસે ઈંટો હશે. ભૂતકાળમાં હતી તે કરતાં ઘણી વધારે ઈંટો હશે!" રાજાએ મુકાદમોના વડાને વચન આપ્યું "હું ઈઝ્રાયલીઓને પાછા લઈ આવીશ!"

રાજાએ તરત જ પોતાના બધા સૈનિકોને તૈયાર કરવાનો અને ઘોડેસ્વારોને શસ્ત્રસજ્જ થવાનો હુકમ કર્યો. ફારૂને પોતાના સર્વોત્તમ અફસરો અને સૈનિકોને પસંદ કર્યા.

શસ્ત્રસજ્જ સૈન્યને જોવાથી રાજાના ઉત્સાહમાં અને અભિમાનમાં ઘણો વધારો થયો.

"આપણે ઈઝ્રાયલીઓને લીધા વગર પાછા ફરવાનું નથી." રાજાએ આજ્ઞા આપી. "મારે ઘણા ઈઝ્રાયલી જુવાનોની ગુલામો તરીકે જરૂર છે."

લશ્કરના સેનાપતિએ હકારમાં માથું હલાવ્યું.

"આપણે પશુઓના ધણની જેમ તેમને પાછા હાંકી લાવીશું!"

સેનાપતિને તો ખાતરી જ હતી કે, ઈઝ્રાયલીઓ સામે પોતાનું સૈન્ય વિજેતા બનશે, અને રાજા આ વિજયનો પોતાને ઉત્તમ બદલો આપશે: પુષ્કળ જરઝવેરાત ને ઉચ્ચ હોદ્દો આપશે.

ક્યાં જવાનું છે તે ઈશ્વરે ઈઝરાયલીઓને તેમના પ્રવાસની શરૂઆતમાં જણાવ્યું હતું. દરિયાકિનારે જતો રસ્તો ખૂબ જોખમકારક હતો. ત્યાં પલિસ્તીઓ મિસરની સરહદ પર મિસરીઓને ધમકીઓ આપ્યા કરતા હતા. તે રસ્તે જવાથી તો તરત જ પલિસ્તીઓ સાથે લડાઈ વહોરી લેવાનું જોખમ ઊભું થઈ જાય.

તેને બદલે મુસાએ ઈઝરાયલીઓને રણને માર્ગે દોર્યા હતા. દક્ષિણે સુક્કોથ પાસે રાતા સમુદ્ર તરફ એ રસ્તો જતો હતો.

શરૂઆતના દિવસોના ઘોંઘાટભર્યા આનંદ પછી લોકો શાંત થઈ ગયા હતા.

"આપણે ક્યારે આરામ લેવાના સ્થળે પહોંચીશું?" બાળકો અને વૃદ્ધો પૂછતાં હતાં. આકાશમાંથી સૂર્ય જાણે આગ ઝીંકતો હતો.

વાદળનો સ્તંભ તેમની આગળ આગળ ચાલતો હતો.

એનાથી ચાલનારાંઓને હિંમત અને શક્તિ મળતાં હતાં.

છેવટે તેઓ રાતા સમુદ્રને કિનારે પહોંચ્યા. મુસાએ ત્યાં તંબૂ નાખ્યા.

આખા દરિયાકિનારે બરુઓનાં ઝુંડ હતાં. રમવાની સુંદર જગ્યા હતી. નાનાં બાળકો નાની હોડીઓ તરાવતાં. મોટા છોકરાઓ માછલીઓ પકડતા. તંબૂઓની આગળ હાસ્યના ખડખડાટ સંભળાતા. ગીતો ગવાતાં.

એક વહેલી સવારે એક ચોકીદારે ધૂળનું વાદળ નિહાળ્યું.

શું એ કોઈ આવનાર તોફાનની નિશાની હતી?

ચોકીદારે ભયસૂચક રણશિંગડું વગાડયું. ધૂળનું વાદળ પાસે આવતું ગયું.

ગભરાટથી લકવો થઈ ગયો હોય તેમ ઈઝરાયલીઓ બેબાકળા બની જઈને એ તરફ તાકી રહ્યા.

"આ તો મિસરનું લશ્કર છે!" મુસાએ એ તરફ જોઈને કહ્યું. "એ તો મિસરના રાજા ફારૂનના રથો છે."

ઈઝરાયલીઓની જમણી તરફ અને ડાબી તરફ અફાટ રણ હતું. એમની આગળ રાતો સમુદ્ર ઘૂઘવતો હતો. પાછળ મિસરનું લશ્કર હતું. કઈ તરફ જવું?

હવે તો નાસી છૂટવા માટે પણ ઘણું મોડું થઈ ગયું હતું. મિસરના શસ્ત્રસજ્જ સૈન્ય સામે લડવાનો કશો અર્થ નહોતો.

રૂદન કરતી માતાઓએ પોતાનાં બાળકોને પોતાના ખોળાઓમાં સંતાડી દીધા "આપણું આવી બન્યું!" પુરુષોએ કહ્યું. મુસાએ ડરથી ફિક્કા પડી ગયેલા તેમના ચહેરાઓ સામે જોયું.

"બધો વાંક તારો છે!" તેમણે મુસા ઉપર દોષનો ટોપલો ઠાલવતાં કહ્યું. "તું અમને મિસરમાંથી બહાર લઈ આવ્યો! જો અમે મિસરમાં જ રહ્યા હોત ને ફારૂનની ચાકરી ચાલુ રાખી હોય તો સારું થાત!"

આ ગુસ્સે ભરાયેલા પુરુષોને મુસા શું કહી શકે? એણે પોતાની હાથમાંની જૂની લાકડીને સ્પર્શ કર્યો. એણે ઈશ્વરના પરાક્રમનો અનુભવ કર્યો.

એણે બૂમ પાડીને કહ્યું, "ગભરાશો નહિ! મક્કમતા રાખો! પ્રભુ તમારે માટે યુદ્ધ કરશે. છાવણીઓ ઉપાડો! ઢોરઢાંકને ભેગાં કરો!"

રથોનાં પૈડાંનો ખડખડાટ અને ઘોડાઓની ખરીઓનો ધમધમાટ મોટો થતો જતો હતો. સૂર્યના પ્રકાશમાં ભાલાઓ અને તલવારો ચમકતાં હતા.

"મારી પાછળ આવો!" મુસાએ બૂમ પાડી. મુસાએ પોતાની લાકડી ઉપાડી પોતાનો હાથ સમુદ્ર તરફ લાંબો કર્યો.

વાદળનો થાંભલો જે ઈઝરાયલીઓ આગળ ચાલતો હતો તે પાછળ ખસીને પાછળ આવતા મિસરીઓના સૈન્ય અને ઈઝરાયલીઓની વચ્ચે આવી ગયો. મિસરીઓની આગળ વાદળ અને અંધકાર ફેલાઈ રહ્યાં.

પૂર્વમાંથી સખત પવન ફૂંકાયો અને તે મોટા તોફાનમાં ફેરવાઈ ગયો. એ જોરદાર પવને સમુદ્રનાં પાણીના બે ભાગ કરી દીધા. ઈઝરાયલીઓનાં ધ્રૂજતાં ટોળાંની આગળ સમુદ્રના એક કિનારાથી તે બીજા કિનારા સુધી સૂકી જમીન દેખાઈ. જમણી અને ડાબી તરફ સમુદ્રનાં પાણી મોટી અને કાળી ભમ્મર દીવાલોની જેમ ઊભાં રહી ગયાં.

"મારી પાછળ આવો!" ફરીથી મુસાએ બૂમ પાડીને કહ્યું.

હવે તો મિસરનું લશ્કર પણ દરિયાને કિનારે આવી પહોંચ્યું હતું. મિસરના સેનાપતિએ પોતાના હાથ વડે પોતાનું કપાળ લૂછ્યું. એની આશ્ચર્યમાં પહોળી થઈ ગયેલી આંખો આગળ ઈઝરાયલીઓ સમુદ્રની વચ્ચે થઈને આગળ વધતા હતા.

"મારી પાછળ આવો!" મિસરના સેનાપતિએ પોતાના અફસરોને હુકમ કર્યો.

સેનાપતિ બહાદુરીપૂર્વક આગળ વધ્યો, પણ અચાનક તેના રથનાં પૈડાં જમીનમાં ફસાઈ ગયાં. કીચડમાં ઘોડાઓ બીકથી હણહણાટી બોલાવવા લાગ્યા. તેમણે મરણિયા પ્રયત્નો કર્યા. રાજાના બધા જ ઘોડા, રથો અને સૈન્ય સમુદ્રની વચ્ચે હતાં. સેનાપતિએ રથોની અને અશ્વોની અવદશા જોઈ કહ્યું "પ્રભુ ઈઝરાયલીઓને પક્ષે લડે છે. ચાલો, આપણે પાછા ભાગી છૂટીએ!"

ફરીથી મુસાએ પોતાનો હાથ સમુદ્ર તરફ લંબાવ્યો. સમુદ્રનાં પાણી મોટી ગર્જના સહિત મિસરીઓના લશ્કર ઉપર ફરી વળ્યાં. રાતા સમુદ્રનાં લોહી જેવા લાલચોળ પાણીએ આખા લશ્કરનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો. રાજાનું આખું સૈન્ય રાતા સમુદ્રમાં ડૂબી ગયું. જ્યારે સમુદ્રના બીજી તરફના કાંઠે પહોંચી ગયેલા બધાં ઈઝરાયલીઓ સલામત હતા, બચી ગયા હતા.

તોફાન શમી ગયું. સમુદ્રનાં મોજાં ફરીથી શાંત બની ગયાં.

ઈઝ્રાયલીઓ મુસાને ઘેરી વળ્યા.

પુરુષો શરમિંદાં બની ગયા હતા. "અમને માફ કરો !" તેમણે મુસાને વિનંતી કરી.

"તમારે ઈશ્વર પાસે માફી માંગવી જોઈએ, મારી પાસે નહિ!" મુસાએ કહ્યું. આ ચમત્કારથી મુસા પોતે પણ ગદ્‌ગદિત બની ગયો હતો:

પ્રભુના માનમાં હું ગાવાનો ગાન,
મેળવ્યો છે કેવો એણે વિજય મહાન!
દરિયાને પેટાળ
પ્રભુએ ડૂબાડયાં છે રથો, અશ્વો ને ઘોડેસ્વાર
દરિયાને પેટાળ.
ડૂબી ગયા છે ફારૂનના સૈન્યના વિજયટંકાર !
મિસર રાજાના સૌ રથોને તેના ઘોડેસ્વાર,
ડૂબાડી દીધા છે દરિયાને પેટાળ,
ચાલ્યાં છે ઈઝ્રાયલનાં સૈન્યો
સૂકી જમીન ઉપર, દરિયાને વચાળ.
મારી શક્તિ છે ભગવાન,
સંકટમાં તે હાજરાહજૂર મદદગાર,
તે મારા છે ઈશ્વર, હું ગાઈશ તેમનાં ગાન.
કોણ છે મારા પ્રભુ જેવા,
જે કરે આવા ચમત્કાર મહાન.

તમારી જ કૃપા વડે
તમે બચાવ્યા તમારા લોકોને હજારોહજાર.
પ્રભુજી છે રાજા મહાન,
યુગો વચ્ચે અમર તપશે, પ્રભુ તમારું રાજ.'

મુસાના પગ પાસે મરિયમ બેઠી હતી.

ઘણાં વર્ષો પહેલાં એણે પોતાના નાનકડા ભાઈને બરુઓ વચ્ચે, નાઈલ નદીમાં, એક ટોપલીમાં સંતાડયો હતો.

મરિયમે પોતાની ખંજરી લીધી. "મુસા," મરિયમે કહ્યું, "અમારે ઉત્સવ ઉજવવો છે."

તાપણાં સળગાવવામાં આવ્યાં. મરિયમની પાછળ બાળકો અને સ્રીઓ ગીતો ગાતાં હતાં. અને નૃત્ય કરતાં હતાં. મરિયમે ગવડાવ્યું

'પ્રભુનાં માનમાં હું ગાવાની ગાન,
મેળવ્યો એમણે કેવો વિજય મહાન!
દરિયાને પેટાળ
પ્રભુએ ડૂબાડયા અશ્વો ને અસવાર!'

૮

ચાલનારાઓની સામે અફાટ રણ કોઈ વિશાળકાય રાક્ષસની જેમ લાંબું થઈને પડયું હતું.

દિવસો અતિ ગરમ, રાત્રિઓ અતિ ઠંડી. ત્રણ ત્રણ દિવસથી મુસા પાણી માટે વ્યર્થ પ્રયત્નો કરતો રહ્યો.

લોકો થાકી ગયા હતા. પાણી વગર ગળાં સુકાતાં હતાં. તરસથી તેમનાં મનો પણ ગૂંચવાઈ જતાં હતાં. રાતા સમુદ્રને કિનારે જે મિજબાની માણી હતી તેને જાણે કે ઘણા દિવસો થઈ ગયા હોય તવું લાગતું હતું. કદાચ દસ કે વીસ દિવસો થયા હશે.

બાળકો પગે સોજા ચડયાની ફરિયાદો કરતાં હતાં. પરંતુ ચાર પૈડાંવાળા ગાડામાં નાનાં બાળકો અને બીમારો માટે માત્ર એક જ ઓરડો હતો.

મુસાની સાથે હારૂન પણ આ સમુદાયનો આગેવાન હતો. એણે એક ભરવાડને પોતાનાં થોડાં ઘેટાં સાથે આગળ

મોકલ્યો. સાંજને સમયે મારા નામના સ્થળ પાસે, જ્યાં તેઓને પાણી મળવાની આશા હતી, તે જગા મળી આવી.

મુસાએ રાહતનો શ્વાસ લીધો. "દોડો!" એણે બાળકોને કહ્યું, "બાળકો પહેલાં પાણી પીશે."

પરંતુ પાણી તો ખૂબ કડવું હતું. પાળેલાં પ્રાણીઓએ પણ તે પાણી પીધું નહિ. હવે શું કરવું તે મુસાને સમજાતું નહોતું.

"અમે હવે વધુ આગળ જઈ શકીએ તેમ નથી! અમને પીવાનું પાણી આપો."

માણસોની ઠપકાભરી આંખો મુસા સામે જાણે બંદૂકોની જેમ તકાયેલી હતી.

"પ્રભુ, હું શું કરું?" મુસાએ આજીજી કરતા પ્રાર્થના કરી.

"તું જ્યાં ઊભો છે તે ઝાડની એક ડાળી તોડીને પાણીમાં નાખ."

મુસાએ તરત જ આજ્ઞાનું પાલન કર્યું. "હવે એ પાણી પી!" ઈશ્વરે કહ્યું.

મુસાએ બંને હાથના ખોબા ભેગા કરી પાણી પીધું.

હવે પાણી નિર્મળ અને મીઠું બની ગયું હતું.

હવે લોકો કૂવાની આસપાસ ટોળે વળ્યા. લોભિયાની જેમ તેઓ પાણી પીવા લાગ્યા. તેમણે પોતાના માટીના

cc

ઘડા અને ચામડાની બેગો પાણીથી ભરી લીધાં. લાઈનમાં પહેલા આવવા માટે તેઓ ધક્કામુક્કી કરવા લાગ્યા.

હમણાં જ જાણે લડાઈ ફાટી નીકળશે એવાં દશ્યો સર્જાયાં.

મુસા વૃક્ષ નીચે બેઠો હતો. ઊંડા વિચારમાં ડૂબી જઈને તે લોકોને ધ્યાનથી નિહાળતો હતો. લાંબા સમય સુધી આ પ્રવાસ ચાલવાનો હતો. શું આ માણસો ટકી રહેશે? તેઓ તો બાળકો જેવાં બની ગયા હતાં. એનું પોતાનું શું? એમને દોરવણી આપવા માટની શક્તિ અને ધીરજ એ ક્યાંથી લાવશે?

એના આતુર પ્રશ્નનો જાણે ઉત્તર હોય તેમ ઈશ્વરની વાણી સંભળાઈ. "હું પ્રભુ છું, જે તારા રોગ મટાડે છે. જો તમે મારી આજ્ઞાઓ પાળશો..."

મુસાનું હવે પછીનું લક્ષ્ય સિનાઈ પર્વત પાસે પહોંચવાનું હતું.

એલીમ નામના સ્થળે તેમણે વિરામ કર્યો. આ રણદ્વીપમાં પાણીના બાર ઝરા અને તાડનાં સિત્તેર ઝાડ હતાં હવે સિનાઈના રણની અતિ કપરી મુસાફરી શરૂ થઈ. મિસરથી નીકળ્યાને દોઢ મહિનો થઈ ગયો હતો. મુસાએ ગણતરી કરી કે, સિનાઈના રણને પસાર કરતાં એટલા જ દિવસો લાગશે. મુસાફરીનો આ સૌથી કપરો અને અતિ મુશ્કેલ સમય હતો. થોડ જ સમયમાં ચામડાંની મશકોમાંથી

પાણી અને ખોરાકના ડબાઓમાંથી ખોરાક ખૂટી ગયાં. મિસરમાંથી જે ખમીરી રોટલી તેઓ લઈ આવ્યા હતા તે પણ ખલાસ થઈ ગઈ. રણમાં પાણીના ઘણા ઝરા સુકાઈ ગયા હતા.

"જો અમે મિસરમાં રહ્યા હોત તો.." મુસાને આ શબ્દો વારંવાર સાંભળવા પડતા હતા. "તો, ત્યાં અમને પેટ ભરીને રોટલા તો ખાવા મળત, પીવા માટે પૂરતું પાણી મળત."

પરંતુ ઈશ્વર તેમનો બડબડાટ સાંભળ્યો. ઈશ્વરે તેમને માટે **'માન્ના'** નામની ખાસ પ્રકારની રોટલી ખાવાની વ્યવસ્થા કરી. માન્ના એ સવારમાં પડતો હિમ જેવો ઝીણો ભુક્કો હતો, જેમાંથી તેઓ રોટલી બનાવતા.

રફીદીમ નામના સ્થળે તો પુરુષો મુસાના તંબૂને વીંટળાઈ વળ્યા. તેઓ તો જવાબ માંગતા હતા. "મુસા, રણમાં અમે તરસે મરી જઈએ છીએ, ત્યારે ઈશ્વર અમારી સાથે છે, એમ કેવી રીતે કહી શકાય? તેં તો અમારા ઉપર પાયમાલી ઉતારી છે!"

મુસાએ રસ્તામાં ઈશ્વરે તેમને માટે જે ચમત્કારો કર્યા હતા તેની તેમને યાદ દેવડાવી.

"દરેક સવારે ઈશ્વર તમને ખાવા માટે **માન્ના** આપે છે. શું એ મધ ચોપડેલી રોટલી જેવું સ્વાદિષ્ટ લાગતું નથી? શું તમારે માટ આકાશમાંથી લાવરીઓ નામનાં પક્ષી

પડતાં નથી? તમે તો તેમના માંસથી ઉજાણી કરતા નથી? શું ઈશ્વરે ક્યારે પણ તમને તજી દીધાં છે? આવતી કાલે આપણને બીજો કૂવો મળશે."

પરંતુ તરસે તો આ માણસોને આંધળા બનાવી દીધા હતા.

"અમને પીવાનું પાણી આપ!" તેમણે આગ્રહ કરીને કહ્યું. "શું તને તરસે પીડાતાં બાળકોની ચીસો સંભળાતી નથી?"

ધમકી આપતા હોય તેમ તેઓ મુસા તરફ ધસી ગયા.

"પ્રભુ, હું શું કરું?" મુસાએ શાંત પ્રાર્થના કરી.

પછી તેણે એ માણસોને કહ્યું "ઈશ્વર આપણી સહાય કરશે. આજે કોઈ માણસ તરસ્યો રહીને સૂઈ જશે નહિ. ઈશ્વર આપણે માટે ખડકમાંથી પાણી કાઢશે."

મુસા ઊભો થયો.

માણસો એક તરફ ખસી ગયા. તેમણે જોયું તો મુસાએ એક ખડક ઉપર પોતાની લાકડીનો ઘા કર્યો એટલે તેમાંથી તાજું અને મીઠું પાણી બહાર ધસી આવ્યું.

પરોઢે અમાલેકીઓએ ઈઝરાયલીઓ ઉપર હુમલો કર્યો. તેઓ ઈઝરાયલીઓની છાવણી પર હુમલો કરી તેમને લૂંટી લેવા માગતા હતા.

પરંતુ યહોશુઆ નામના એક બહાદુર જુવાને, ખાસ પસંદ કરેલા લડવૈયાઓની મદદથી, અમાલેકીઓને રણમાં

પાછા ભગાડયા. ઈઝ્રાયલીઓની છાવણીને કશું નુકસાન થયું નહિ.

પછી તો રણમાં બરોબરની લડાઈ જામી. ઉપરથી મુસા એક નાના ડુંગરની ટોચ ઉપરથી આ યુદ્ધ નિહાળતો હતો.

તેનો ભાઈ હારૂન અને હૂર મુસાની સાથે હતા.

તેમણે લડાઈના પડકારા અને તલવારોના ખણખણાટ સાંભળ્યા.

મુસાએ પોતાનાં બંને હાથ આકાશ તરફ ઊંચા કરીને ઈશ્વર પાસે સહાય માંગી.

મુસાએ પોતાના સાથીદારોને કહ્યું, "આપણા જુવાનો દુશ્મનો પર વિજય મેળવે નહિ ત્યાં સુધી હું મારી પ્રાર્થના બંધ કરીશ નહિ."

લડાઈથી જે ધૂળ ઊડતી હતી તેનું રણક્ષેત્ર ઉપર એક નાનું વાદળ છવાઈ ગયું.

"હું હવે મારા હાથ વધુ વખત ઊંચા રાખી શકીશ નહિ." મુસાએ કહ્યું, તેના હાથ નીચે ઢળી પડયા.

અમાલેકીઓ ઈઝ્રાયલીઓને ઘેરી લેવા માંગતા હતા. તેમના વિજયની રણહાકો મુસાને સંભળાતી હતી.

"પ્રભુ, અમારી પડખે રહો!" તેણે શાંત પ્રાર્થના કરી.

હારૂન અને હૂરે મુસાના બંને હાથ ઊંચા પકડી રાખ્યા: એકે ડાબો અને બીજાએ જમણો.

ડુંગર પર દેખાતી મુસાની આકૃતિથી થાકેલા ઈઝરાયલીઓને નવું બળ અને જોમ મળ્યા.

લડાઈ આખો દિવસ ચાલી.

સાંજે લડાઈમાં વિજયી બનીને યહોશુંઆ ઈઝરાયલી છાવણીમાં પાછો ફર્યો. અમાલેકીએ ભાગી ગયા હતા.

યહોશુઆ સખત થાકી ગયો હતો. મુસાએ યહોશુઆને કહ્યું "તારા જેટલી બહાદુરીથી મેં કોઈને લડતાં જોયો નથી!"

યહોશુઓ સ્મિત કર્યું. "આપની પ્રાર્થનાઓએ જ મને બળ પૂરું પાડયું!"

મુસાએ યહોશુઓને ઈઝરાયલી લશ્કરનો સેનાપતિ બનાવ્યો.

ઈઝરાયલીઓએ વિજયના આનંદનો ઉત્સવ ઉજવ્યો. મોડી રાત સુધી મિજબાનીઓ અને નૃત્યો ચાલ્યાં અને ગીતો ગવાયાં.

૮

સિનાઈ પર્વતની ખીણમાં મુસાએ એક ઝરણા પાસે તંબૂ નાખ્યા. ત્યાં ખજૂરીનાં અને તાડનાં ઝાડ હતાં.

પુરુષો અનો મોટા છોકરાઓ પાળેલાં પશુઓની સંભાળ લેતા હતા. સ્ત્રીઓ અને બાળકો કપડાં ધોતાં, તંબૂઓની સાફસૂફી રાખતાં અને રસોઈ બનાવતાં.

એક દિવસ યહોશુઓ પાસે મુલાકાતીઓ આવ્યા.

એક વૃદ્ધ પુરુષ, એક સ્ત્રી અને બે જુવાનો. મુસાને તેમના નામો પૂછવાની જરૂર નહોતી. "યિથ્રો, સિપોરા, ગેર્શોમ અને એલીએઝર !" આવો પધારો !"

મુસા તેમની તરફ દોડયો અને તેમને ભેટયો. બધાંની આંખોમાં પુર્નમિલનના આનંદનાં છલકાતાં આંસુ હતાં.

બધાંને ઘણુંઘણું કહેવાનું હતું.

મિસરમાં જે જે બન્યુ હતું, તે વિશે ભારે આશ્ચર્યમાં ડૂબી જઈને યિથ્રોએ મુસા પાસેથી સાંભળ્યું.



યિથ્રોએ કહ્યું, "પ્રભુની સ્તુતિ હો, જેણે તમને મિસરના ફારૂનના હાથમાંથી છોડાવ્યાં! હવે મને ખાતરી થઈ છે કે પ્રભુ બધા દેવો કરતાં મહાન છે!"

મુસાએ ઈઝરાયલીઓના આગેવાનોને પોતાના તંબૂમાં મિજબાની માટે તેડયા.

ગેર્શોમ પોતાના પિતા મુસાની જમણી તરફ અને એલીએઝેર મુસાની ડાબી તરફ બેઠા.

મુસા ખૂબ આનંદમાં હતો.

ખડકો ચઢીને અને ખીણો ઓળંગીને મુસા પર્વતના શિખરે પહોંચ્યો.

વખતોવખત તે સમાધિમાં હોય તેમ સ્થિર થઈ જતો.

નીચે મેદાનમાં ઈઝરાયલીઓના તંબૂ દેખાતા હતા. જૈતુનવૃક્ષો અને ઝાંખરાઓ વચ્ચે ઘેટાંબકરાં અને ઢોર ચરતાં હતાં. તંબૂઓમાંથી થોડો થોડો ધુમાડો નીકળતો હતો.

મુસાએ પોતાની લાકડીનો વધુ આધાર લીધો.

અહીં મુસાને ઈશ્વરે પ્રથમ વખત બોલાવ્યો હતો. મુસા ત્યારે ભરવાડ હતો. ભરવાડની લાકડી દ્વારા ઈશ્વરે મુસાને પોતાનું પ્રથમ પરાક્રમ બતાવ્યું હતું. અહીં મુસાને એનું જીવનકાર્ય પ્રભુએ સોંપ્યું હતું.

"જે સ્થળે તું ઊભો છે તે પવિત્ર ભૂમિ છે."

પર્વતના શિખર ઉપર મુસાએ આ શબ્દો ફરીવાર સાંભળ્યા.

ઈશ્વરે તેને માટે બીજું કામ નક્કી કર્યું હતું.

"મુસા! મુસા! ત્રણ દિવસમાં હું તારી સાથે એક કરાર કરીશ. બધી પ્રજાઓ કરતાં વિશેષ રીતે તું મારો થઈશ; કારણ કે, આખી પૃથ્વી મારી છે. મારી આજ્ઞાનું પાલન કર! તૈયાર થા!"

મુસાએ ઈઝરાયલીઓને કહ્યું, "તમે ઈશ્વરને જોઈ શકશો નહિ, પણ તમે પ્રભુના સામર્થ્યનો અનુભવ કરી શકશો. પ્રભુ સિનાઈ પર્વત પર ઊતરશે, પરંતુ તમારામાંથી કોઈએ પર્વત ઉપર ચઢવાનું નથી."

નાહીધોઈને, ચોખ્ખાં વસ્ત્રો પહેરીને ઈઝરાયલીઓ-પુરુષો, સ્ત્રીઓ અને બાળકો પર્વતની તળેટીમાં ઊભાં રહ્યાં. આ તો ત્રીજા દિવસની વહેલી સવારનો સમય હતો.

ઈશ્વર તેમની પાસેથી શું ચાહે છે? શી ઇચ્છા રાખે છે?

પર્વતનું શિખર એક ગાઢા વાદળથી ઢંકાઈ ગયું.

અચાનક આ વાદળમાંથી મોટી વીજળી ચમકી.

પૃથ્વી ધ્રૂજવા અને કંપવા લાગી. પ્રચંડ ગર્જના થઈ. રણશિંગડાનો અવાજ સંભળાયો.

આ તો મુસા માટે નિશાની હતી. તે એકલો જ પર્વતના શિખર તરફ ચાલ્યો.

માણસોએ જોયું કે, એક વાદળે મુસાને ઢાંકી દીધો.

આખો દિવસ ઈઝરાયલીઓએ મુસાના પાછા ફરવાની રાહ જોઈ. સવારે તેમને જે અનુભવ થયો હતો તેનાથી તેઓ ડરી ગયા હતા. ઊંડા આશ્ચર્યમાં ડૂબી ગયા હતા.

ઈશ્વરની આજ્ઞા પાળવા તેઓ તૈયાર હતા.

સંધ્યા સમયે મુસા પાછો ફર્યો.

મુસાએ કહ્યું, "ગભરાશો નહિ. ઈશ્વરે તમારી સાથે કરાર કર્યો છે. તે આપણો ઈશ્વર છે અને આપણે આ આજ્ઞાઓ પાળીએ એવું તે ચાહે છે.

"હું તમારો ઈશ્વર પ્રભુ છું.

હું તમને મિસરની ગુલામગીરીમાંથી બહાર લઈ આવ્યો છું.

તમારે મારા સિવાય બીજા કોઈ દેવને માન આપવાનું નથી અને મારા સિવાય બીજા કોઈની સેવા કરવાની નથી.

તમે મૂર્તિઓ બનાવશો નહિ અને મૂર્તિઓની પૂજા કરશો નહિ.

મારું નામ સન્માનપૂર્વક લેજો.

સાતામા દિવસને મારા વિશ્રામવાર તરીકે પાળજો.

તમારા પિતા અને તમારી માતાનું સન્માન જાળવજો.

કોઈ માણસનું ખૂન કરશો નહિ.

પતિઓ અને પત્નીઓ, તમે એકબીજાને વફાદાર રહેજો.

તમે ચોરી કરશો નહિ.

તમે જૂઠું બોલશો નહિ.

બીજાં માણસો પાસે જે કંઈ હોય તે પડાવી લેવાની લાલસા રાખશો નહિ."

અને... ઈશ્વરે મુસાને તેના લોકો માટે બીજી ઘણી આજ્ઞાઓ અને હુકમો ફરમાવ્યા.

મુસાના મનમાં ઘણા પ્રશ્નો ઊભા થયા, પણ તેણે ઈશ્વર પર વિશ્વાસ રાખ્યો.

તે દિવસે મુસાને દસ આજ્ઞાઓ મળી. ત્યારે ઈઝરાયલીઓને તે દસ આજ્ઞાઓ જણાવીને તે ફરી પાછો પર્વત ઉપર ચઢી ગયો. પ્રગાઢ શાંતિમાં ઈશ્વરે તેની સાથે વાત કરી.

ઈઝરાયલીઓએ કેવી રીતે ઈશ્વરની ભક્તિ કરવી તે વિશે ઈશ્વરે મુસાને સૂચનાઓ આપી.

જેમાં દસ આજ્ઞાઓ લખેલી હતી તેવી પથ્થરની બે તકતીઓ મુસાને આપી.

સમય પસાર થતો હતો...

યહોશુઓ મુસાની સાથે પહાડ ઉપર આવ્યો હતો અને તેની સાથે રહ્યો હતો.

બંને જણ પથ્થરની તકતીઓ લઈને છાવણીમાં પાછા ફર્યા.

તેઓ પર્વતના શિખર ઉપર કેટલું રોકાયા હતા?

મુસાએ દિવસ કે રાતની ગણતરી રાખી ન હતી.

દૂર આવેલી છાવણીમાંથી ગીતોનો અવાજ ને બૂમોનો શોરબકોર સંભળાતો હતો.

યહોશુઓએ પૂછ્યું, "આ કોઈ લડાઈના અવાજો નથી. આ તો ગાવાના ને નાચવાના અવાજો છે."

યહોશુઓએ મુસા સામે જોયુ. મુસાને ચહેરા ક્રોધ અને નિરાશાથી ઝાંખો પડી ગયો હતો.

શું થયું હશે?

"ચાલ!" મુસાએ કહ્યું. "આપણે ઝડપ કરવી જોઈએ!" બંનેએ ઝડપ વધારી.

છાવણીની વચ્ચે ખુલ્લી જગ્યામાં અગ્નિ પેટાવ્યો હતો. અગ્નિ પાસે એક કાચી પડઘી ઉપર સોનામાંથી ગાળેલો એક પોઠિયો કે વાછરડો મૂકેલો હતો. તે વાછરડાની આસપાસ સ્ત્રીઓ નૃત્ય કરતી હતી, પુરુષો બૂમો પાડતા હતા.

"અમારો નવો ઈશ્વર ઘણું જીવો!"

કેટલાક માણસોએ બાકીનાંઓને મુસાની વિરુદ્ધ ઉશ્કેર્યા હતા.

"'તમારો મારા સિવાય બીજા કોઈ દેવને માન આપવાનું નથી... મારા સિવાય બીજા કોઈ દેવની સેવા કરવાની નથી...' જરૂર મુસાએ પોતે જ આ દસ આજ્ઞાઓ બનાવી કાઢીછે... તે તેના દ્વારા આપણા ઉપર રાજ કરવા માંગે છે. ઈશ્વરને કેમ કોઈ આકાર ન હોય? કેમ માત્ર મુસાને ઈશ્વરની વાણી સંભળાય છે? ઉપરાંત, મુસાનું શું થયું તે આપણે જાણતાં નથી..." આવું કહી મુસા ઉપર દ્વેષ રાખનારાઓએ લોકોને ઉશ્કેર્યા હતા.

પોતાની વાત સ્વીકારે ત્યાં સુધી તેમણે હારૂન ઉપર દબાણ કર્યું હતું.

"અમારે એવા દેવો જોઈએ છે, જેમને અમે જોઈ શકીએ, જેમની પ્રશંસા કરીએ; એ સોનામાંથી બનાવેલા હોય, જેમની અમે સેવાભક્તિ કરી શકીએ!"

હવે એવો દેવ ત્યાં હતો. સૂર્યના પ્રકાશમાં એ સોનાનો વાછરડો ચમકતો હતો. સ્ત્રીઓએ પોતાનાં એરિંગો, વીંટીઓ, સોનાની ચઈનો અને બંગડીઓ આપી દીધાં હતાં. હારૂને પોઠિયાનો આકાર તૈયાર કરાવ્યો. એને ભઠ્ઠીમાં ગળાવ્યો હતો.

મૌન રહી તે આ નાચગાન વિશે વિચારતો હતો. એ શંકાઓથી પીડાતો હતો.

શું મુસા મૃત્યુ પામ્યો હશે?

"આ બધું શું ચાલી રહ્યું છે?"



ટોળાંની વચ્ચેથી માર્ગ કરતાં મુસાએ ગર્જના કરી. એની આંખો લાલચોળ અંગારાની જેમ ક્રોધથી ચમકતી હતી. તેણે પથ્થરની તકતીઓને જમીન પર પછાડી.

એના પગ પાસે તકતીઓના ચૂરેચૂરા થઈ ગયા.

મોટેમોટે અવાજે ચાલતી મિજબાનીના રંગમાં ભંગ પડયો.

પોતાના હાથ અને પગ વડે મુસાએ સોનાની વાછરડાને અગ્નિમાં ફેંકી દીધો.

કોઈ તેને રોકી શક્યું નહિ.

"તમારે તેને ઓગાળી દઈને ધૂળમાં મેળવી દેવાનો છે!"

લોકો છાનામાના ઊભા રહ્યા.

"જે કોઈ ઈશ્વરના પક્ષમાં હોય તે મારી પાસે આવે!" મુસાએ મોટો ઘોંટો પાડીને કહ્યું.

હારૂન બધાથી પહેલાં મુસાની બાજુએ જઈન ઊભો રહ્યો.

એક પછી એક એમ ઘણાં મુસાની પાસે જઈને ઊભા રહ્યા.

માત્ર જેમણે મુસા વિરુદ્ધ લોકોને ઉશ્કેર્યા હતા તે ખસ્યા નહિ.

"ના," તેમણે કહ્યું, "અમે હવે તમારા પક્ષમાં નથી. દૂધમધની રેલછેલવાળો દેશ ક્યાં છે? તમે તો માત્ર ઠાલાં ને ખોટાં વચનો આપો છો! મુસા તમે અમને છેતર્યા છે!"

બે વિરોધી છાવણીઓ એક બીજી સામે ઊભી હતી.

લડાઈથી વિભાજિત થયેલા લોકોને મુસા પોતાની સાથે લઈ જઈ શકે નહિ.

બીજો કોઈ રસ્તો ન સૂઝતાં મુસાએ બંડખોરોને બળથી તાબે કરવા પોતાના અનુયાયીઓને હુકમ કર્યો.

થોડી જ વારમાં લડાઈ ફાટી નીકળી. શસ્ત્રોના ખણખણાટ ને ઘવાયેલાંઓની ચીસો સંભળાયાં.

સ્ત્રીઓ અને બાળકો રણમાં નાસી છૂટયાં.

સાંજ સુધી લડાઈ ચાલી.

ત્રણ હજાર બંડખોરો આ લડાઈમાં માર્યા ગયા. ઘવાયેલાઓને છાવણીમાં લઈ જવાયા.

નિરાશ થઈ જઈને સ્ત્રીઓ અને બાળકો છાવણીમાં પાછા ફર્યાં.

મુસા રડયો.

આ ભયાનક દિવસ પછી મુસા સિનાઈ પર્વત પર પાછો ગયો.

તેણે પથ્થરની બે તકતીઓ બનાવી અને ઈશ્વરે બીજી વાર દસ આજ્ઞાઓ તેમના ઉપર લખી.

મુસાએ કંઈ ખાધું કે પીધું નહિ. "પ્રભુ," તેણે આજીજી કરતા કહ્યું. "તમારા લોકોને માફી આપો ! હું તેમની સજા મારે માથે લઈશ અને તેમને બદલે મૃત્યુ પામીશ."

"મુસા, મેં તને માફી આપી છે. તું મારી દૃષ્ટિમાં કૃપા પામ્યો છે. જે પ્રદેશ આપવાનું મેં ઈબ્રાહીમ, ઈસ્હાક અને યાકૂબને વચન આપ્યું હતું, તેમાં તું તેમને દોરી જા. જેમ અત્યારસુધી હું તારી સાથે રહ્યો છું એમ હું તારી સાથે રહીશ."

મુસા જમીન પર ઘૂંટણે પડયો. "પ્રભુ, મને એકવાર તમારા મહિમાનાં દર્શન કરાવો!"

ઈશ્વરે કહ્યું, "તું મારું મોં જોઈ શક્તો નથી. કારણ, કોઈપણ માણસ મને જોયા પછી જીવી શક્તો નથી. તું પેલા ખડકની ફાટમાં જા, અને જ્યારે હું પસાર થઈશ ત્યારે મારા હાથ વડે હું તને ઢાંકી દઈશ. તું મારી પીઠ જોઈ શકીશ, પણ મારું મોં જોઈ શકીશ નહિ."

મુસાએ આજ્ઞાનું પાલન કર્યું.

તેણે પ્રચંડ ગર્જના સાંભળી અને તે ધ્રૂજી ઊઠયો.

કોણે તને સ્પર્શ કર્યો?

એના ખભા ઉપર કોણે હાથ મૂક્યો?

"હું પ્રભુ છું, હું કૃપાળુ અને દયાળુ છું."

મુસા પ્રકાશથી ચમકતો ચહેરે છાવણીમાં પાછો ફર્યો. તેની સાથે પથ્થરની બે નવી તકતીઓ હતી.

૧૦

•

રૂપાનાં રણશિંગડાંઓએ પ્રસ્થાનની જાહેરાત કરી.

મુસા ઈઝરાયલીઓ સાથે સિનાઈ પર્વત પાસે એક વર્ષ રહ્યો હતો.

માણસોની ગણતરી કરવામાં આવી હતી અને તેમને જુદાંજુદાં કુળો પ્રમાણે જુદા પાડવામાં આવ્યાં હતાં. પોતાના સસરા યિથ્રોની સલાહ પ્રમાણે મુસાએ જુદાં જુદાં કુળો ઉપર આગેવાનો અને ન્યાયાધીશો નીમ્યા હતા.

મુસાએ ઈઝરાયલીઓ માટે ઈશ્વરના ખાસ નિયમો, આજ્ઞાઓ અને વિધિઓ ઠરાવ્યા. કામ કરવાના છ દિવસ. સાતમો દિવસ તે આરામનો દિવસ- વિશ્રામવાર.

વર્ષમાં ત્રણ વખત ત્રણ જુદા જુદા ઉત્સવો ઉજવવાના: પ્રથમ તે વાવણીનો ઉત્સવ, બીજો કાપણીનો ઉત્સવ અને ત્રીજો તે પાસ્ખાનો ઉત્સવ. પાસ્ખા પર્વના દિવસે ઈઝરાયલીઓ મિસરની ગુલામગીરીથી નીકળ્યા તેનો ખાસ ઉત્સવ ઉજવાતો.

ઈશ્વરની સૂચનાઓ ધ્યાનમાં લઈ ઈઝરાયલીઓએ એક ખાસ તંબૂ બનાવ્યો. આ તંબૂને મુલાકાત કે મિલન મંડપ એવું નામ આપ્યું. મુલાકાત મડંપ બકરાના ચામડામાંથી બનાવ્યો હતો. તેના ઉપર વાદળી અને ભૂખરા રંગનું કાપડ હતું. તેના ઉપર સુંદર ભરતકામ કરવામાં આવ્યું હતું. અંદર સોનાની વેદી હતી. સોનાની દીવી ઉપર સાત દીવા સળગાવવામાં આવતા. પથ્થરની પેલી તકતીઓ, જેના ઉપર પ્રભુએ આજ્ઞાઓ લખી હતી તે પણ ત્યાં રખાઈ હતી. આજ્ઞાની તકતીઓ લાકડાની મંજૂષા (પેટી)માં ત્યાં મૂકવામાં આવનાર હતી.

એક મોટું સરઘસ નીકળ્યું. મોખરે સોનાના ઢાંકણાવાળી પેટીમાં બે વાંસડા વડે ઊંચકીને તક્તીઓને ત્યાં મંડપમાં વિધિપૂર્વક મૂકવામાં આવી.

વીસ વર્ષ કરતાં મોટી ઉંમરના યુવાનો, બાળકો અને વૃદ્ધોની આગળ ચાલ્યા.

યહોશુઆએ તેમને દોર્યા. પછીની રણની મુસાફરી બધા ચાલનારાઓને કઠિન લાગી.

"અરે ! જો અમે મિસરમાં પાછા ગયા હોત તો કેટલું સારું થાત ! ત્યાં અમને પુષ્કળ ખોરાક મળતો હતો. જો અમે નીકળ્યા જ ન હોત તો કેટલું સારું થાત !"

કેટલી બધી વાર મુસાએ આ શબ્દો સાંભળ્યા હતા ! તેને ક્રોધ ચઢતો અને દુઃખ પણ લાગતુ.

કેટલી બધી ઝડપથી આ લોકો ઈશ્વરે તેમને માટે કરેલા ચમત્કારો ભૂલી જતા હતા!

કાદેશમાં થઈને મુસા ઇઝ્રાયલીઓને કનાન તરફ દોરી ગયો.

સરહદ ઉપર તેણે બાર જાસૂસોને મોકલ્યા. તેઓમાંનો એક યહોશુઆ પણ હતા.

મુસાએ તેમને કહ્યું, "આખા પ્રદેશની તપાસ કરો. તમારી તપાસનાં પરિણામ અમને આવીને જણાવો. દક્ષિણમાં થઈને ઉચ્ચ પ્રદેશમાં જાઓ. એ પ્રદેશ કેવો છે તેની તપાસ કરો. ત્યાંના લોકો કેવા છે, મજબૂત છે કે નબળો, થોડા છે કે ઘણા, તેઓ ગામડાંમાં કે શહેરોમાં વસે છે તેની તપાસ કરો. હિંમતપૂર્વક જાઓ અને એ પ્રદેશની પેદાશના થોડા નમૂના પણ લઈ આવો."

ચાળીસ દિવસ પછી જાસૂસો પાછા આવ્યા.

"અમે એ પ્રદેશ જોયો છે. આ રહ્યાં તેના ફળો!"

ઈઝ્રાયલીઓ આશ્ચર્યચકિત થઈ ગયા.

બે જાસૂસો દ્રાક્ષના ઝૂમખા સાથેની દ્રાક્ષની એક ડાળી લઈ આવ્યા હતા. એમણે વાંસ ઉપર તે ડાળીને ઊંચકવી પડી હતી. તેઓ દાડમ અને અંજીરો પણ લાવ્યા હતા. "આપણે થોડા જ સમયમાં ત્યાં પહોંચી જઈશું", લોકોએ ઉત્સાહપૂર્વક કહ્યું.

"એ દેશમાં સાચે જ દૂધ અને મધની રેલમ્છેલ છે," જાસૂસોએ કહ્યું.

"પણ... ત્યાંના લોકો ઊંચા અને મજબૂત છે. તેમની આગળ તો એમે તીતીઘોડા જેવા નીચા દેખાતા હતા. શહેરો મોટાં અને કિલ્લોબંધીવાળાં છે."

આનંદના અવાજો બંધ પડી ગયા. જાસૂસોએ આપેલા સમાચારથી તો ઈઝરાયલીઓમાં ગુસ્સો અને નિરાશાના ભાવો જાગ્યા. તેઓ રોદણાં રડવા લાગ્યા.

"આખી મુસાફરી અર્થહીન બની છે. અમારે તો મિસરમાં પાછા જવું છે. મુસા, શા માટે અમે યુદ્ધમાં મરી જઈએ? શું મરવા માટે તું આ પ્રદેશમાં અમને દોરી લાવ્યા."

યહોશુઆ અને તેન મિત્ર કાલેબ બંનેને પૂરો ભરોસો હતો, પૂરી ખાતરી હતી. તેમણે ગભરાઈ ગયેલા લોકોને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

યહોશુઓ કહ્યું, "ઈશ્વર આપણી સાથે રહેશે. તેમણે કદી આપણો ત્યાગ કર્યો નથી. આવો, આપણે એ દેશને જીતી લઈએ!"

"ના, અમારા ઉપર બળજબરી કરશો નહિ. હવે અમે તમને અમારા ઉપર વધુ હાડમારીઓ લાવવા દઈશું નહિ!"

મુસાએ અને હારૂને પણ લોકોને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેઓ પણ સફળ થયા નહિ.

લોકો તો ગુસ્સે ભરાયા હતા અને તેમને ડર પણ લાગતો હતો.

યહોશુઆ અને કાલેબ તો પોતાનાં મનની આંખોમાં આ વચનનો પ્રદેશ પોતાની આગળ જોતા હતા.

તેમણે કડવાશ અને નિરાશાથી પોતાનાં વસ્ત્રો ફાડયાં.

ઈશ્વર ક્યાં સુધી આવા અવિશ્વાસુ અને બંડખોર માણસો સાથે રહેશે?

"મેં આ પ્રદેશ આપવાનું તને વચન આપ્યું છે", પ્રભુએ મુસાને કહ્યું. "હું આ વચન પાળીશ, પરંતુ હવે એમાં વધુ સમય લાગશે. મિસરમાંથી આવેલાં સ્ત્રી-પુરુષોનાં બાળકો જ એ પ્રદેશ જોવા માટે જીવતાં રહેશે. બાકીનાં તેમની પહેલાં મૃત્યુ પામશે. માત્ર યહોશુઆ અને કાલેબ જીવતા રહેશે."

ઈશ્વરે પોતે જ કહ્યું હતું તેમ જ કર્યું.

બીજાં ઓગણચાળીસ વર્ષો સુધી મુસાએ ઈઝરાયલીઓને રણમાં દોર્યા.

બાળકો જન્મ્યાં. વૃદ્ધો મૃત્યુ પામ્યાં. જે ઇઝરાયલીઓ ગુલામો તરીકે મિસરમાંથી નીકળ્યા હતા, તેઓમાંથી બધાં મૃત્યુ પામ્યાં. જુવાનો અને બાળકો હવે તો ઘેટાંપાળકોના પોતાનાં ભટકતાં જીવનોથી ટેવાઈ ગયા હતા.

બડબડાટ કર્યા વિના માઠા સમયોમાં કેમ ટકી રહેવું અને કેવી રીતે હાડમારીઓ વેઠવી તે તેઓ શીખી ગયાં હતાં.

ઈશ્વર તેમની સાથે હતા.

૧૧

"યહોશુઆ, અહીં આવ !" મુસાએ કહ્યું અને પોતાની લાકડી તેને આપતાં જણાવ્યું, "આજથી આ લાકડી તારી છે !"

યહોશુઆ ધ્રૂજી ઊઠયો. તેણે ભરવાડની એ લાકડી લીધી. આવા માનથી તો તેને ડર લાગ્યો.

મુસાએ સ્મિત કર્યું.

"લઈ લે ! હું નહિ પણ તું ઇઝરાયલીઓને કનાનમાં દોરી જઈશ. ઈશ્વરે તને મારા અનુગામી તરીકે પસંદ કર્યો."

"અને આપ?" યહોશુઆએ નમ્રતાથી પૂછ્યું.

"હું થોડા સમયમાં મૃત્યુ પામીશ !"

"પણ... "

"ઈશ્વરે મને બોલાવ્યો છે", મુસાએ મૃદુતાથી કહ્યું. "હવે જા અને ઇઝરાયલીઓને યરદનને કાંઠે ભેગા કર. હું તેમની સાથે વાત કરવા માગું છું."

તેઓ યરદનને કાંઠે ઊભા હતા. જુદાં જુદાં કુળો પ્રમાણે. આ બધા યાકૂબના દીકરાઓનાં સંતાનો હતા. કુળો આ પ્રમાણે હતા. રેઉબેનનું કુળ, શિમઓનનું કુળ, લેવીનું કુળ, યહૂદાનું કુળ, ઈસ્સાખારનું કુળ, ગાદનું કુળ, આશેરનું કુળ, બિન્યામીનનું કુળ અને યૂસફનું કુળ.

ગરીબી અને ભટકતા જીવને તથા ઈશ્વર પરના વિશ્વાસે તેમને મજબૂત અને સ્વતંત્ર બનાવ્યા હતા. પોતાનાં માબાપની ગુલામીના દિવસો વિશે તો તેમણે માત્ર વાતો જ સાંભળી હતી.

મુસાની સંતોષી નજર આ તંદુરસ્ત અને ખડતલ યુવાનો, યુવતીઓ અને બાળકો ઉપર ઠરી રહી. આ સમૂહમાં તેના દીકરાઓ અને જમાઈઓ પણ હતા.

ઈશ્વર શા માટે આ માણસો સાથે તેને રણમાં દોરી લાવ્યો હતો, તે હવે તેને સમજાયું. ઈશ્વર તેને મિસરના રામસેથી, સુક્કોથ, એથામ વગેરે સ્થળોએ થઈને અહીં વચનના પ્રદેશ પાસે દોરી લાવ્યા હતા. સિનાઈ પર્વત પાસેથી નીકળ્યાને ચાળીસ વર્ષ વીતી ગયાં હતાં.

આ મુસાફરીઓમાં જેઓ મૃત્યુ પામ્યાં તેઓ વિશે પણ મુસા વિચારતો હતો.

ફરી વાર તેમણે પોતાનાં સ્નેહીઓને જોયાં. નિષ્ઠાવાન ભાઈ હારૂન, તેની પત્ની સિપોરા અને બહેન મરિયમ.

હવે તેનો જવાનો સમય આવી પહોંચ્યો હતો.

સિનાઈ પર્વત ઉપરના બળતા ઝાડવા પાસે જે કામ તેને સોંપાયું હતું તે હવે પૂરું થયું હતું.

યરદન નદીને પેલે પાર વચનનો પ્રદેશ હતો.

યહોશુઆ તેની પાસે ઊભો હતો. "સાંભળો !" યહોશુઆએ કહ્યું. "આપણા વકીલ મુસા તમારી સાથે વાત કરવા માંગે છે."

શાંતિ સ્થપાઈ.

મુસાએ કહ્યું, "હું હવે ૧૨૦ વર્ષનો થયો છું. તમારી સામે વચનનો પ્રદેશ છે. યહોશુઆ તમને ત્યાં દોરી જશે. ઈશ્વરે તેને મારો અનુગામી થવા પસંદ કર્યો છે. બળવાન અને હિંમતવાન થાઓ. ઈશ્વર તમારી સાથે છે."

"હે ઇઝરાયલ, તારા જેવી પ્રજા કઈ છે ?" મુસાએ કહ્યું. "પ્રભુ ઢાલ બનીને તારું રક્ષણ કરે છે. ઈશ્વર ખડક છે. તેમનાં કાર્યો સંપૂર્ણ છે. પ્રભુ વિશ્વાસુ, ન્યાયી અને નિષ્ઠાવાન છે. તમે પ્રભુની આજ્ઞાઓને કાળજીપૂર્વક પાળવાનું ધ્યાન રાખજો."

આ બધું સાંભળતા ઈઝરાયલીઓમાં એક ઉત્તેજના છવાઈ ગઈ.

મુસા શાંત થઈ ગયો.

પોતાનાં હૃદયોમાં પારાવાર શાંતિ અનુભવતા ઇઝરાયલીઓ પોતાનાં તંબૂઓમાં પાછા ફર્યા.

મુસાએ તેમને આશીર્વાદ આપ્યા હતા.

સાંજ પડી.

"મુસા !" યહોશુઆએ બૂમ મારી. યહોશુઆએ તાજાં ફળોનો રસ આણ્યો હતો.

પરંતુ મુસાનો તંબૂ ખાલી હતો. યહોશુઆએ વાટ જોઈ, પરંતુ તે જાણતો હતો કે, મુસા પાછો નહિ આવે.

તે એ પણ જાણતો હતો કે તેણે મુસાની શોધ કરવાની જરૂર નથી. "મુસા ! તેમના જેવા કદી કોઈ નરપુંગવ કે નરશ્રેષ્ઠ પાકશે નહિ ! એ આઝાદીના લડવૈયા હતા !"

મુસા એકલો નેબો પર્વત પર ચઢતો હતો.

એની આંખો સામે વચનનો પ્રદેશ હતો. ગિલિઆદથી દાન સુધીનો પ્રદેશ તે જોઈ શકતો હતો. એફ્રાઈમ અને મનાશાના પ્રદેશો, યહૂદિયાથી તે પશ્ચિમના સમુદ્ર સુધીનો પ્રદેશ, દક્ષિણનો ભાગ અને યરેખોનો રણદ્વીપ તેને દેખાતાં હતાં.

હવે તેના શરીરમાં કશોયે થાક કે બેચેની અનુભવાતાં નહોતાં.

પશ્ચિમે ડૂબતા સૂર્યનાં કિરણોમાં સ્વાતંત્ર્ય સેનાની મુસો પર્વતના શિખર ઉપર પહોંચ્યો.



[illegible]
[illegible]
[illegible], PA [illegible]2103